Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनधर्म प्रकाश

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्य, पर्यालोचनयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्य, वर्त्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૭ મું. માહ. સંવત ૧૯૬૮. શાકે ૧૮૩૩. અંક ૧૧ મો.

ગુર્જર ભાષાંતરિત.

## कल्याणमंदीर स्तोत्र.

અનુવાદક—મિ. માવજી દામજી મહેતા. મુંબઇ.

( અનુસંધાન પૃષ્ટ ૨૯૨ થી )

વસંતતિલકા વૃત્ત.

છે યોગ્ય નાથ ! હૃદયોદધિ સંભવા જે,
વાણી તમારી પણ પીયૂષ પ્રાય છાજે;
પીયૂષ પાન કરીને ઝટ સાધતાં જે,
આનંદિ સંત ! સુજનો ! અજરામરાંતે: ૨૧
હે નાથ ! દૂર ઉછળી વળી ઉતરે તો,

* અજરામર દશા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનું છું હું અમર ચામર હોય કે' તો;
"કે આ મુનીંદ્ર તણી સંસ્તવના કરે જે,
ગામી થશે જરૂર ઉંચી ગતે ખરે તે." ૨૨
હે નાથ ! ભવ્ય મયૂરો અવલોકતાં છે,
સ્વર્ણે મઢેલ વળી રત્ન જડેલ કાંતે;
સિંહાસને સ્થિત ગભીર ગિરા તમોને,
જાણ્યે ચઢ્યો સુરગિરે નવ મેઘ જોને. ૨૩
ભામંડલે પ્રસરતે પ્રભુ ! તે છવાઈ,
છે તે અશોકતરૂપાન તણી નવાઈ;
સામીપ્યથી પણ જિનેંદ્ર ! નિરાગતાને,
ચૈતન્ય યુકત પણ શું નભજે ! થતા તે. ૨૪
હે હે જનો ! તજી પ્રમાદ ભજોજ આને,
છે મોક્ષમાર્ગ પ્રતિ સારથી તુલ્યતાને;
એવું નિવેદન પ્રભુ જગને કરે તે,
માનું અવાજ કરતો સુરદુંદુભિ જે. ૨૫
ઉદ્યોતિતે ભુવન આપથીં સર્વસાર !
તારા સહિત પણ ચંદ્ર હતાધિકાર;
મુકતાફળો કલિત છત્ર મિષે વસેલ,
નિશ્ચે ત્રિવિધ શરીરો ધરીને રહેલ. ૨૬
આપે ! પ્રપૂર્ણભુવનત્રય ! પિંડ એવા,
કાંતિ પ્રતાપ યશનોજ સમૂહ જેવા;
માણિકય સ્વર્ણ રજતેથી રચેલ કિલ્લે,
છો શોભતાં પ્રભુ ! તમે રમણીય કિલ્લે. ૨૭
હે નાથ રત્નજડિતે મુકુટો મૂકીને,
જે પુષ્પમાળ નમતાં અમરો ચૂકીને;
આધાર આપ ! ચરણો ! યહિવા પરત્ર,
શું આપ ! યોગ *સુમનો ! રમતાં ન અત્ર. ૨૮
છો નાથ આપ ભવસાયર પાર પામ્યા,
પીઠે પડેલ ભવિકો પણ તાર કામ્યા;
પાર્થિવ નિપ પણ છે તુમ યુક્ત ! ગુણ્ય !
આશ્ચર્ય એજ પણ કર્મ વિપાક શૂન્ય. ૨૯

* દેવતાઓ પક્ષે વિદ્વાનો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છો વિશ્વનાથ ! પણ દુર્ગત તો જિનેંદ્ર,
છે અક્ષર ! પ્રકૃતિ લિપિ વિના જિતેન્દ્ર;
અજ્ઞાનવત્યપિ સદૈવ સ્ફુરે મજેનું,
છે જ્ઞાન આપતણું વિશ્વવિકાશહેતુ. ૩૦
ક્રોધે ઉરાડી ધૂળ જે ગગને છવાઈ,
કાંતિજ તેથી પણ પૂજ્ય ! નહિ હણાઇ;
કિંતુ હતાશ ! વળી મૂર્ખ ! દુરાત્મ તેજ,
તે ધૂળથી થઈ રહ્યા પણ વ્યાપ્ત એજ. ૩૧
જે ગર્જતો પ્રબળ મેઘ સમૂહ છે જ્યાં,
આકાશમાં ચમકતી વિજળી પડે ત્યાં;
મૂક્યું મુનીન્દ્ર ! પણ દુસ્તર વારિ દૈત્યે !
તે વારિયેજ પણ દુસ્તર વારિ થઇ તે. ૩૨

સંપૂર્ણ.

ॐ श्रीअर्हं नमस्तत्त्वज्ञाय.

## क्षमाराधनार्थे क्रोधत्याग-प्रभु प्रार्थना.

( શાર્દૂલ વિક્રીડિતમ્. )

સાચા ભાવ દયાનિધિ જિનવરા વંદુ સદા પ્રેમથી,
સાચી ધર્મ ક્ષમા વર્યા જગતમાં એવા બીજા કો નથી;
તે સંસાર ભવાબ્ધિ તારૂ તરીને તારે ઘણા જીવને,
તેના પત્કજ વંદતાં વિનયથી શાન્તિ મળે સર્વને. ૧
અક્રોધી પ્રભુએ સદા અરિ પ્રત્યે અક્રૂરતા (માધ્યસ્થતા) દષ્ટિથી,
મૈત્રીભાવ સુધર્મ આપી સહુને સીંચે સુધા વૃષ્ટિથી;
ઠારે તાપ અમાપ શાન્તિ રસથી અંતર્ ભૂમિ ભાવથી,
સારે કાર્ય સુજૈન સેવકતણા સદ્ય સ્વધર્માત્મથી. ૨

રાગ પીલૂ બરવો.

ક્રોધ કટુક ફલ દાયક જાણી, પરિહરવો સુણિ શ્રી જિનવાણી. ૧ (ટેક)
ભવ દવ તાપ અમાપ વધારે, વિશ્વાનર સમ એહથી હાણી. ક્રો૦ ૨
ધર્મ વૃક્ષ વન દગ્ધ થયેલી, સંયમ કષ્ટ ક્રિયા ધુળધાણી. ક્રો૦ ૩
ચરણ કરણ ગુણ વનચર વિણસે, જ્યાં ન મળે જ્ઞાનામૃત પાણી. ક્રો૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન મહા વાયુ વૃદ્ધિ કર, ક્ષણમાં આત્મ સ્થિતિ બદલાણી. ક્રો૦ ૫
શમજળ વૃષ્ટિ શ્રી જિનવરની, શીતળકારક સહુ સુખ ખાણી. ક્રો૦ ૬
શુદ્ધ સ્વરૂપ રમણ ઉપયોગે, ધર્મ રંગ પરિણતિ રંગાણી. ક્રો૦ ૭
સ્થિરતા સમતા રત્નત્રયીમાં, યોગની વૃત્તિ અચળ ઠરાણી. ક્રો૦ ૮
જૈન સેવક કહે તરમાળા, આરોપે ઝટ શીલ પટરાણી. ક્રો૦ ૯

જૈન સેવક ગિ૦ હે૦ પાટણ.

# ज्ञानसार सूत्र विवरण.

## मौनाष्टक. (१३)

(લેખક—સન્મિત્ર કર્પુરવિજયજી.)

मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्तितः ॥
सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव च ॥ १ ॥

ભાવાર્થ—જે સમસ્ત તત્વને યથાર્થ જાણે છે તે મુનિ કહેવાયછે, જે વસ્તુ તત્ત્વને સમ્યગ્ સમજી સર્વત્ર મધ્યસ્થ રહે છે; ખોટી બાબતમાં કદાપિ મુંઝાતોજ નથી તે મુનિ છે. તેવું મુનિપણું એજ ખરૂં સમકિત છે. અને નિર્મળ સમકિત એજ મુનિપણું છે. શુદ્ધ સમકિત વિના ખરૂં મુનિપણું સંભવતુંજ નથી. મુનિપણું જ્યાં સુધી જાળવી રખાય છે, ત્યાં સુધી સમકિત કાયમ રહે છે. ૧.

વિવેચન—નિઃસ્પૃહી મહાત્માજ મુનિપદને પામે છે તે મુનિ ભાવને શાસ્ત્રકાર સ્પષ્ટ કરી બતાવે છે. જે મહાનુભાવને વિશ્વતત્ત્વ વિદિતજ છે એટલે જેણે જાણવા યોગ્ય સર્વ તત્ત્વ-સ્વરૂપ જાણી લીધું છે અને જાણીને આદરવા યોગ્ય આદર્યું છે, અને તજવા યોગ્ય તજી દીધું છે. મતલબ કે તત્ત્વજ્ઞાન યોગે જેને સ્વપરની યથાર્થ વહેંચણ થયેલી હોવાથી રાજહંસની પેરે નિરૂપયોગી વસ્તુનો જેણે ત્યાગ કરેલો છે અને આત્મ ઉપયોગી વસ્તુનો સ્વીકાર કરેલો છે તેજ વસ્તુતઃ મુનિ કહેવાય છે. સાધુ, મુનિ, નિગ્રંથ વિગેરે અનેક પર્યાય (સમાન અર્થસૂચક) નામો કહ્યાં છે. ખરો સાધક—સાધુ પુરૂષ સર્વ પ્રકારની મુર્છા—મમતાથી મુક્તજ હોયછે, તેથી તે કોઇ પણ જાતની ઉપાધિથી અળગોજ રહે છે. સર્વ પ્રકારની ઉપાધિથી નિરાળા રહેવાથીજ નિગ્રંથ—મુનિજનો નિરૂપાધિક આત્મ રમણતા રૂપ સ્વાભાવિક સુખને અનુભવી શકે છે. તેજ ખરા આત્મજ્ઞાની સાધુ—પુરૂષો ગણાય છે. તે વગર તો કેવળ દ્રવ્યલિંગીજ કહેવાય છે. જ્યારે ઘંટના લોલના ન્યાયે સહેજેજ અથવા કોઇક સદ્ગુરૂ મહાશયના સદ્બોધ-વડે આત્મામાં તત્વજ્ઞાનનો ઉદય થાય છે ત્યારે અનાદિ અજ્ઞાનજનિત મિથ્યાત્વ (વિપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીત શ્રદ્ધા યા મિથ્યા વાસના) દૂર ખસી આત્મામાં તત્ત્વશ્રદ્ધા પ્રગટે છે અને અનુક્રમે આત્મ રમણતા રૂપ તેનું ઉત્તમ ફળ બેસે છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ નિર્મળ રત્નત્રયીવડે નિરૂપમ–નિર્દ્વન્દ્વ મોક્ષ સુખ સાધવા સદાય સાવધાન રહેનાર મહાત્માજ ભાવસાધુ કહેવાય છે. તેવા અપ્રમત્ત ભાવજ નિશ્ચય સમકિત રૂપ હોવાથી અપ્રમત્ત મુનિરાજમાં તે સદોદિત રહે છે.

ઉક્ત વાતનું સ્પષ્ટીકરણ કરતા છતા શાસ્ત્રકારજ કહે છે.

आत्मात्मन्येव यच्छुद्धं, जानात्यात्मानमात्मना ॥
सेयं रत्नत्रये ज्ञप्ति, रुच्याचारैकता मुनेः ॥ २ ॥

**ભાવાર્થ**—આત્મા પોતે પોતામાં રહેલ શુદ્ધસ્વરૂપ જે વડે જાણેછે તેજ મુનિની રત્નત્રયીમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતા રૂપ છે. સમ્યગ જ્ઞાનથી સ્વસ્વરૂપને સારી રીતે સમજી શકે છે, સમ્યગ્ દર્શનથી સ્વસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા–પ્રતીતિ થઇ શકે છે, અને સમ્યગ્ ચારિત્રથી આત્મસ્થિરતા એટલે સ્વસ્વરૂપ રમણ થઇ શકેછે. સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતા એજ મુનિપણું છે. ૨.

**વિવેચન**—જ્ઞાન સ્વભાવને ધારણ કરનારો આત્મા મોહના ત્યાગથી સ્વસત્તાગત રહેલા અનંત વિશુદ્ધ ગુણ કદંબક (સમૂહ) ને જે જ્ઞાનવીર્યવડે જાણી–જોઇ–અનુભવી શકે છે તેજ સમ્યગ જ્ઞાન, સમ્યગ દર્શન અને સમ્યગ ચારિત્ર રૂપ મુનિની રત્નત્રયીની અભેદતા– એકતા કહેલી છે. મતલબ કે સમ્યગ્ જ્ઞાન યોગે મુનિને સ્વ સ્વરૂપનું સારી રીતે ભાસન થાય છે, સમ્યગ્ શ્રદ્ધાન યોગે સ્વસ્વરૂપનો સારી રીતે નિર્ધાર થાય છે અને સમ્યગ ચારિત્ર બળે સ્વ સ્વરૂપમાં રમણતા તથા પર પુદ્ગલિક ભાવથકી વિરમવાનું બને છે. એવી રીતે સમ્યગ રત્નત્રયીની સમકાલીન સહાયથી મુનિની અભેદ પરિણતિ થાય છે.

चारित्रमात्मचरणाद्, ज्ञानं वा दर्शनं मुनेः ॥
शुद्धज्ञाननये साध्यं, क्रियालाभात् क्रियानये ॥ ३ ॥

**ભાવાર્થ**—જ્ઞાન, દર્શન અને ચારિત્ર મુનિપણાના ભાવથીજ સાર્થક છે, વિભાવનો ત્યાગ અથવા સ્વભાવનો સ્વીકાર કરવો એજ મુનિપણું છે. તેવા આચરણ વિનાનો મુનિવેષ વિડંબના રૂપજ છે. જ્ઞાનવડે શુદ્ધાશુદ્ધનો –હિતાહિતનો વિવેક જાગે છે, દર્શનવડે તેની યથાર્થ પ્રતીતિ બેસે છે, અને ચારિત્રથી અહિતના ત્યાગપૂર્વક હિતપ્રવૃત્તિ થાય છે. ઉકત જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણે મળીને રત્નત્રયી કહેવાય છે. એ રત્નત્રયીને સમ્યગ સેવનારા મુનિ કહેવાય છે. ઉકત મુનિની રહેણી કહેણી એક સરખી હોય છે કેમકે તે જ્ઞાન અને ક્રિયાનો એક સરખી રીતે સ્વીકાર કરે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય મોક્ષાર્થીને પણ તેવોજ હિતકારી માર્ગ બતાવી જન્મ મરણનાં અનંત દુઃખમાંથી મુક્ત કરવા યત્ન સેવે છે. ૩.

**વિવેચન**—શુદ્ધ આત્મતત્ત્વમાંજ રમણતાવડે મુનિના ચારિત્રની સફળતા છે. શુદ્ધ આત્મતત્ત્વના યથાર્થ ભાસનવડે મુનિના જ્ઞાનની સાર્થકતા છે અને શુદ્ધ આત્મતત્ત્વના યથાર્થ નિર્ધારવડે મુનિના દર્શન ગુણની સાર્થકતા છે. એવી રીતે શુદ્ધ જ્ઞાન નય વિચારે જેમ મુનિના ચારિત્રાદિકની સફળતા જણાવી તેમ ક્રિયાનયે પણ અશુદ્ધ ક્રિયાના પરિહાર પૂર્વક શુદ્ધ અવિકારી—આત્મ હિતકારી ક્રિયાના લાભથી ઉક્ત રત્નત્રયીની સફળતાજ સમજવી. તે એવી રીતે કે શુદ્ધ ચારિત્ર પરિણામથી અનાદિ અવિરતિ પરિણામની નિવૃત્તિ થાય છે, અને ઉજવળ અહિંસક પરિણામ પ્રગટ થાય છે. અથવા ક્ષાયોપશમિક (અભ્યાસિક) સામાયિકાદિક અથવા યમ નિયમાદિકના આસેવનથી અનુક્રમે વિશુદ્ધ—ક્ષાયિક—યથાખ્યાત ચારિત્ર તેમજ પરમ અહિંસક સ્વભાવની પ્રાપ્તિ થઈ શકે છે. નિર્મળ તત્વજ્ઞાનના પરિચયથી અનાદિ અજ્ઞાન—અવિદ્યાનો નાશ થાય છે અને સદ્વિવેક જાગે છે. તેમજ નિર્મળ શ્રદ્ધાન યોગે અનાદિ અતત્વશ્રદ્ધારૂપ મિથ્યાત્વનું સમૂળગું મથન થાય છે અને પરમ તત્વરૂચિ પ્રગટે છે. આમ અશુદ્ધ મલિન ક્રિયાના ત્યાગ પૂર્વક યથોત્તર શુદ્ધ નિર્મળ કરણીદ્વારા આત્મલાભ પ્રાપ્ત થાય છે તેથી ઉભયનય વિચારે મુનિના ચારિત્રાદિકની સફળતા—સાર્થકતાજ રહેલી છે. તેજ વાતનું દૃષ્ટાંતવડે શાસ્ત્રકાર પોતેજ સમર્થન કરી બતાવે છે.

यतः प्रवृत्तिर्न मणौ, लभ्यते वा न तत्फलम् ॥
अतात्त्विकी मणिज्ञप्ति–र्मणिश्रद्धा च सा यथा ॥ ४ ॥

**ભાવાર્થ**—મણિ—રત્ન હાથમાં આવ્યા છતાં તેનો આદર કરી શકાય નહિ તેમજ તેનું ફળ મેળવી શકાય નહિ તો જાણવું કે મણિની પીછાનજ થઈ નથી કે મણિની પ્રતીતિજ બેઠી નથી. અન્યથા મણિનું મૂલ્ય સમજી તેનો આદર જરૂર કરાયજ. ૪.

**વિવેચન**—જો મણિ રત્નને જાણ્યા દેખ્યા છતાં તદ્ગ્રહણ યોગ્ય કરણી કરવામાં ન આવે તેમજ વિષ જ્વરાદિક રોગહરણ પ્રમુખ તેનો યથાયોગ્ય લાભ લેવામાં ન આવે તો આ 'સાચું મણિરત્ન છે' એવું જ્ઞાન તેમજ તેમાં 'આવા આવા વિકાર દૂર કરવાનું સામર્થ્ય રહેલું છે' એવી શ્રદ્ધા કેવળ કથની માત્ર છે, મતલબ કે તેવું જ્ઞાન અને તેવી શ્રદ્ધા વાસ્તવિક નથી પરંતુ ફક્ત તે જ્ઞાન અને તે શ્રદ્ધા નામનાજ છે. ઉક્ત દૃષ્ટાંત દેવાનું તાત્પર્ય શાસ્ત્રકાર પોતેજ સમજાવે છે.

तथा यतो न शुद्धात्म–स्वभावाचरणं भवेत् ॥
फलं दोषनिवृत्तिर्वा, तद्ज्ञानं न दर्शनम् ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**–તેમ જો શુદ્ધ આત્મ સ્વભાવમાં રમણુ થઇ શકે નહિ તથા રાગદ્વેષ–મોહાદિક દુષ્ટ દોષોનો ત્યાગ થઇ શકે નહિ તો તે જ્ઞાન કે દર્શન કંઇ કામનાજ નથી. ખરાં જ્ઞાન અને દર્શનથી સ્વરૂપ—મગ્નતા અને દોષ—હાનિરૂપ ઉત્તમ ફલ થવુંજ જોઇએ, સહજ આનંદમાં મગ્નતા થવી એ જેમ ઉત્તમ લાભ છે, તેમ દુષ્ટ દોષોનું દમન કરી તેમનો સમુળગો નાશ કરવો એ પણ અતિ ઉત્તમ લાભરૂપજ છે. ખરૂં મુનિપણું ભજનારા નિર્ગ્રંથ સાધુઓ એવો ઉત્તમ લાભ હાંસલ કરી શકે છે. ૫.

**વિવેચન**—ઉપર જણાવ્યું તેમજે જ્ઞાન અને શ્રદ્ધાથી શુદ્ધ આત્મ ભાસન અને રૂચિપૂર્વક તેમાં રમણુતા રૂપ પરમાર્થ–ફળ થાય નહિ અથવા અનાદિ કાળથી જડ ઘાલીને રહેલા અજ્ઞાન, મિથ્યાત્વ અને કષાય પ્રમુખ દુષ્ટ દોષોનું નિવર્તન થાય નહિ તે જ્ઞાન અને શ્રદ્ધા શા કામના ? સાચા–પરમાર્થયુકત જ્ઞાન–શ્રધ્ધાનથી કાર્ય કારણના નિયમ મુજબ શુધ્ધ આત્મ તત્ત્વનું ભાસન, રોચન અને રમણુરૂપ ઉત્તમ ફળ તેમજ તેને બાધાકારી મિથ્યાત્વ કષાય પ્રમુખ દોષોનું નિવર્તન રૂપ ઉત્તમ ફળ થવુંજ જોઇએ. તેવા ઉત્તમ ફળની પ્રાપ્તિ કરી આપવી એજ સત્ય જ્ઞાન અને શ્રધ્ધાનું કાર્ય છે. પરમાર્થ સામે દ્રષ્ટિ રાખી પુરૂષાર્થને ફોરવનારને સત્ય જ્ઞાન અને શ્રદ્ધાન યોગે ઉકત સ્થિતિ પરિપાક થયે ઉત્તમ ફળ અવશ્ય મળી શકે છેજ. પવિત્ર રત્નત્રયીના ધારક મુનિ જનો સંસારની માયાને કેવી લેખે છે તે દૃષ્ટાંત દઇને શાસ્ત્રકાર સમજાવે છે.

**यथा शोफस्य पुष्टत्वं, यथा वा वध्यमंडनम् ॥**
**तथा जानन् भवोन्माद–मात्मतृप्तो मुनिर्भवेत् ॥ ६ ॥**

**ભાવાર્થ**–જેવું શોફ (સોજા)નું પુષ્ટપણું અથવા વધ્ય (વધ કરવા લઇ જવામાં આવનાર) ને શણગારવું નકામું છે, તેવોજ આ સંસારનો ઉન્માદ અનર્થકારી છે, એમ સમજીને મુનિ સહજ સંતોષી થઇ રહે છે. સંસારનું અસારપણું સમ્યગ્ વિચારી સંતોષ વૃત્તિથી જે સહજાનંદમાં મગ્ન થઇ રહે છે તેજ ખરો મુનિ–નિર્ગ્રંથ છે૬.

**વિવેચન**–જેમ કોઇ શરીરમાં વિકાર પેદા થવાથી સોજા થઇ જાય છે, ત્યારે તે જો કે શરીરમાં પુષ્ટ જણાય છે. તોપણ તે કૃત્રિમ પુષ્ટિ વિકારજનિત હોવાથી કેવળ દુઃખદાયી જ છે. તેનાથી કિંચિત્ માત્ર સુખ–ચેન થતુંજ નથી. કિંતુ અથાગ દુઃખ–પીડાજ પેદા થાય છે. યાવત્ તેથી તે મરણાંત કષ્ટ પામે છે. આમ હોવાથી સોજા થવાથી તેવું મહા કષ્ટ ભોગવનાર પોતાના શરીરમાં થયેલી કૃત્રિમ પુષ્ટિથી કંઇ ફુલાઇ જતો નથી. પરંતુ તેથી થતા દુઃખથી કંટાળી જઇ તેવી કૃત્રિમ પુષ્ટિ કરતાં સ્વાભાવિક કૃશતા જ પોતે પસંદ કરે છે તેમ રાગ દ્વેષાદિક વિકારજનિત **સંસારનું સ્વરૂપ પણુ વિષમજ** છે તેથી જીવને જન્મ, જરા અને મરણ, આધિ વ્યાધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ઉપાધિ જન્ય અનંત દુઃખ દાવાનળમાં નિરંતર પચાવું પડે છે. ક્રોધાદિક કાષાય તાપથી જીવ સદાય સંતપ્ત રહ્યા કરે છે તેને લગારે સાચી શાંતિ-સમાધિ પ્રાપ્ત થતીજ નથી. કિંપાક ફળના ભક્ષણની જેમ અથવા ખરજ ખણવાની જેમ અથવા તૃષા પીડિતને મૃગતૃષ્ણાની જેમ જો કદાચ ક્ષણમાત્ર કિંચિત્ કલ્પિત સુખનું ભાન થાય છે તોપણ તરતજ તેનું ભયંકર પરિણામ દેખીને તે દુઃખદરિયામાં ડુબી જાય છે. અથવા જેમ વધસ્થાને લઇ જવામાં આવનારને સારાં વસ્ત્ર અલંકાર પહેરાવવામાં આવે છે તે તેને કંઇ સુખદાયી થતાં નથી. કેમકે તે જાણે છે કે હું જમના મુખમાંજ રહેલો છું તો હવે મારે વસ્ત્રાલંકારથી તથા મિષ્ટાન્ન ભોજન પ્રમુખથી શું ? તેમાં જેમ તેને લગારે રતિ--પ્રીતિ થતી નથી તેમ રાગદ્વેષ વિકારજન્ય સંસારનું સ્વરૂપ જેને યથાતથ્ય સમજાયું છે તેને પણ તેમાં લગારે રતિ--પ્રીતિ ઉત્પન્ન થતી નથી; પરંતુ તે ભવનાટકને મધ્યસ્થ દૃષ્ટિથી જોવાના અભ્યાસથી વૈરાગ્ય વૃત્તિનેજ વધારે છે, અને સહજ સંતોષ વૃત્તિથી પવિત્ર રત્નત્રયીનું યથાવિધ આરાધન કરી અનુપમ સુખ સમાધિને સંપ્રાપ્ત થાય છે. અપ્રમત્ત મુનિરાજની એવી ઉદાસીન દશા સદાય બની રહે છે. પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનું તે અહોનિશ સાવધાનપણે પાલન કરે છે. તેમાં પણ મુખ્યપણે—ઉત્સર્ગ માર્ગે મન વચન અને કાયાને ગોપવી રાખવામાંજ સાર સમજે છે એમ વિચારીને કે—

" આતમજ્ઞાને મન ધરે, વચન કાય રતિ છોડિ;
તો પ્રગટે શુભ વાસના, ગુણ અનુભવની જોડિ. "
" હોત વચન મન ચપળતા, જનકે સંગ નિમિત્ત;
જન સંગી હોવે નહિ, તાતે મુનિ જગ મિત્ત. "
" વાસ નગર વનકે વિસે, માને દુવિધ અબુદ્ધ;
આતમદર્શીકું વસતિ, કેવળ આતમ શુદ્ધ. "

અને અપવાદ માર્ગે સ્વસંયમ જીવનના નિર્વાહાર્થે ઇર્યાસમિતિ, ભાષા સમિતિ પ્રમુખ પાંચ સમિતિનું યથાવિધિ સેવન કરે છે. તેવી રીતે શાસ્ત્ર આજ્ઞાને માન્ય કરી જે મુનિજનો ચારિત્ર ધર્મનું પાલન કરે છે તેમનું મૌનજ પ્રશંસા પાત્ર છે તે વાત શાસ્ત્રકાર પોતેજ યુક્તિસર સમજાવે છે.

सुलभं वागनुच्चारं, मौनमेकेंद्रियेष्वपि ॥
पुद्गलेष्वप्रवृत्तिस्तु, योगानां मौनमुत्तमम् ॥ ७ ॥

ભાવાર્થ--વચન નહિ ઉચ્ચારવારૂપ મૌન તો એકેંદ્રિયાદિકમાં પણ હોઇ શકે છે, તેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંથી વિરમી સહજ આત્મ સ્વભાવમાંજ મગ્ન થવા મન, વચન અને કાયાનો સદા સર્વદા સદુપયોગ કર્યા કરવો. ૭.

વિવેચન–વચનનો ઉચ્ચાર નહીં કરવા રૂપ મૌનવૃત્તિ પાળવી તે કંઇ દુષ્કર નથી. તે તો એકેંદ્રીય જીવોને પણ સુલભ છે. તેમને સમૂળગી વાચાજ નથી તો પછી વચન ઉચ્ચાર કરેજ શી રીતે ? તેવી રીતે શક્તિ—સાધનના અભાવે વચન ઉચ્ચાર ન કરવો અથવા કપટવૃત્તિથી કેવળ પોતાનો કૃત્રિમ સ્વાર્થ સાધવાને માટે વચન ઉચ્ચાર નહિં કરતાં મૌનજ રહેવું તેમાં કશો વિશેષ લાભ નથી. બગલાં વિગેરે પામર નિર્દય પ્રાણી વર્ગમાં તેવી મૌનવૃત્તિ વળી વિશેષે જણાય છે. તેમાં તો આશયની મલીનતાથી અધિકાધિક અહિતજ સંપજે છે તેથી તેવી કૃત્રિમ મૌનવૃત્તિ લગારે પ્રશંસવાયોગ્ય નથી. પરંતુ ખરેખર પ્રશંસાપાત્ર તેજ મૌનવૃત્તિ કહી છે કે જેમાં અશુભ એવાં પાપ કાર્યોથી પોતાના મન, વચન અને કાયાનો સારી રીતે નિગ્રહ (નિરોધ) કરી તેમને શુભ કાર્યોમાંજ યોજવામાં આવે અથવા ઉપર જણાવવામાં આવ્યું તેમ તેનો સંપૂર્ણ નિગ્રહ કરી પરમાત્મ સ્વરૂપમાંજ લીન કરી દેવામાં આવે. એથી શ્રેષ્ઠ મૌન કશું જાણ્યું નથી. એવા ઉત્તમ મૌનવડેજ મુનિપદ સાર્થક છે.

તાત્ત્વિક મુનિ—મહાત્માનુંજ વિશિષ્ટપણું શાસ્ત્રકાર બતાવે છે.

ज्योतिर्मयीव दीपस्य, क्रिया सर्वापि चिन्मयी ॥
यस्यानन्य स्वभावस्य, तस्य मौनमनुत्तरम् ॥ ८ ॥

ભાવાર્થ–જે સમજીને વિવેકથી સ્વકર્તવ્ય બજાવે છે, જેની ક્રિયા દીપકના જેવી જ્ઞાન—જ્યોતીમય છે, તેવા સમ સ્વભાવી મહાપુરૂષનુંજ મૌન શ્રેષ્ઠ છે. સમતાવંત મહામુનિજ શ્રેષ્ઠ મૌન સેવી શકે છે. ૮.

વિવેચન–જેની સઘળી સંયમ કરણી સમજપૂર્વક કરવામાં આવતી હોવાથી જ્યોતિમય દીવા જેવી છે, જે એકલા હોય કે સાધુ સમુદાયમાં હોય, ગામમાં, નગરમાં કે વનમાં હોય, ગમે ત્યાં અને ગમે તે વખતે જે સમ સ્વભાવી છે એટલે જેના મન, વચન અને કાયામાં સદા કાળ સ્થિરતા વ્યાપી રહેલી છે. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ કે પરિસહ પ્રસંગે પણ જે પોતાની સ્થિતિ સ્થાપકતા (ચિત્ત સમાધિ) ખોતા નથી. નિંદક અને વંદક જેમને તુલ્ય છે. માન અને અપમાન, કનક અને પાષાણ તેમજ તૃણ અને મણિ નિઃસ્પૃહપણાથી જે સરખાં લેખે છે, જે સમસ્ત જગ જંતુઓને આત્મ સમાન લેખે છે. રાજા અને રંક બંનેનું હિત ઇચ્છી તેમને ઉચિત હિત શિક્ષા કેવળ પરમાર્થ દાવે આપે છે. એવા જ્ઞાની યોગી મહાત્મા તેમની ઉત્તમ રહેણી કહેણીથી સર્વત્ર પૂજાય--અર્ચાય છે,તેમ છતાં તેઓ સ્વસ્વરૂપથી ચ્યુત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતાજ નથી પણ સ્વસ્વરૂપરમણીજ બની રહે છે તેવા મુનિ મહાત્માનુંજ મૌન મુનિપણું સર્વોત્તમ છે. વિશ્વોપકારક હોવાથી આપણને તેનુંજ શરણ હો.

ઇતિશમ.

# चंद्राजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ટ ૨૮૧ થી. )

## પ્રકરણ ૫ મું.

હવે વીરમતિ ગુણાવળીને અરધી કબજે આવેલી જાણીને કહેવા લાગી કે— "અરે! ભોળી! સ્ત્રી જે કામ કરી શકે તે પુરૂષ ન કરી શકે. હરિ હર ને ઇંદ્રને પણ સ્ત્રીએ ભોળાવ્યા અને પોતાને વશ કર્યા, મોટા મોટા મુનિવરને ચળાવ્યા, સ્ત્રીચરિત્રનો પાર કોઈ પામી શકયું નથી. આ જગતમાં જેને સ્ત્રીએ ભોળાવ્યા નથી એવા પુરૂષો જ કોઇ વિરલ હોય છે. સ્ત્રી ધારે તો મોટા વિષમ પર્વતપર ચડી જાય, સર્પને વશ કરે, મોટી નદીઓ તરી જાય અને ભયંકર સિંહથી પણ ન ડરે, કોઇથી ન ખેલાય એવા ખેલ સ્ત્રી ખેલે. સ્ત્રી જો પ્રસન્ન થાય તો કલ્પલતા જેવી છે ને જો રીસે ચાય તો વિષલતા જેવી છે. જે સ્ત્રી પોતાના પતિથી બીહે છે તેનો તો જન્મજ અકૃતાર્થ છે. સ્ત્રીને કોઇ ચરિત્ર શીખવતું નથી; એની મેળે જ તેનામાં એવી શક્તિ ઉદ્ભવે છે. મોરના ઇંડાને ચિતરવા કોણ જાય છે? સિંહને હાથીના કુંભસ્થળ ભેદતાં કોણ શિખવે છે? એ તો એનો જાતિ સ્વભાવ જ છે. માટે તું ચંદકુમારનો ભય બીલકુલ રાખીશ નહીં. આપણે ગગનગામિની વિદ્યાથી રાત્રિએ આકાશ માર્ગે કૌતુક જોવા જશું ને રાત્રે આનંદ કરી પ્રભાત થયા અગાઉ પાછા આવતા રહેશું. એની તેને ખબરજ પડશે નહીં અને કદિ ખબર પડશે તો તેથી કાંઇ ડરી જવાનું નથી. એમ મચ્છરના ઉપદ્રવથી કાંઇ ઘર છોડી જવાતું નથી, માટે તું બેફીકર રહેજે."

આ પ્રમાણેના સાસુના વચનથી ગુણાવળી ચિત્તમાં હર્ષ પામી. તે વિચારવા લાગી કે 'સાસુની સહાયથી આપણે નવા નવા કૌતુક જોશું. તેની પાસે વિદ્યાઓ ઘણી છે તેથી મારા પતિ મારૂં નામ લઇ શકશે નહીં.' આ પ્રમાણે વિચારીને તેણે વિરમતિને કહ્યું કે—"હે સાસુજી! હું તો તમારે ખોળે છું. તમે જે કહેશો તે મારે કબુલ છે. તમે મને નવા નવા કૌતુકો દેખાડવા ઇચ્છો છો તો હું તે જોવાને તત્પર છું પણ મારી લાજ તમારે હાથ છે. હું તમારાથી અળગી નથી. તમે મારા માથાના મુગટ છો. ખુશીથી આજેજ કૌતુક દેખાડો, હું તૈયાર છું, કેમકે નાચવા જવું પછી ઘુંઘટો શો તાણવો? પણ તમે કોઇ મંત્ર પ્રયોગથી મારા પતિને વશ કરજો કે જેથી મને કોઇ તરેહની અડચણ આવે નહીં, મારાપર તે ગુસ્સે થાય નહીં."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે વહુને પોતાને વશ આવેલી જાણીને વીરમતિ બોલી કે "મારી પા
અવસ્વાપિની વિદ્યા છે તેથી તું કહે તો આખા નગરને પથ્થર જેવા કરી નાખું
પછી તારા પતિને વશ કરવો તેમાં તો શી મોટી વાત છે ? હવે જો તારૂં મન કૌ
જોવા તત્પર થયું છે તો સાંભળ-એક આશ્ચર્ય આજેજ જોવા જેવું છે. અહીં
અઢાર સો કોસ દૂર વિમળાપુરી નામે નગરી છે. ત્યાં મકરધ્વજ નામે રાજા
તેણે ઘણા શત્રુને વશ કર્યા છે. તે રાજાને પ્રેમલાલચ્છી નામે પુત્રી છે તે એ
સુંદર શરીરવાળી છે કે જાણે વિધાતાએ તેને પોતાનેજ હાથેજ ઘડી હોય એ
જણાય છે. તે રાજપુત્રીને સિંહલપુરના સિંહરથ નામના રાજાનો પુત્ર કન
ધ્વજ આજે રાત્રેજ પરણવાનો છે. તે લગ્ન મહોત્સવ અને વર કન્યા બહુજ જો
જેવાં છે. જો તું મારી સાથે આવે તો આજે તને એ કૌતુક દેખાડું." ગુણાવળ
સાસુના આવાં વચન સાંભળીને બહુજ હોંશમાં આવી બોલી કે—"તમે ગુણ
ધામ છો, તમારી જેવા સાસુ હું પૂર્વના પુન્યથીજ પામી છું. પણ તમે કહો છો
કૌતુક તો ૧૮૦૦ કોસ દૂર છે. એક રાત્રિમાં એટલે દૂર કેમ જવાય ને એ કૌતુ
શી રીતે જોવાય ? કોઈ દેવી હોય તો તે જઈ શકે, મનુષ્ય તો જઈ શકે નહીં."
વીરમતિ બોલી કે—"બહુ દૂર જાણીને તું કેમ કંપે છે ? મારી પાસે ગગનગા-
મિની વિદ્યા છે તેથી હું ધારૂં તો એક રાત્રિમાં લાખ જોજન જઇ આવું, આ તે
મારે એક ડગલાં જેવું છે." ગુણાવળી એ હકીકત સાંભળી ખુશી થઈ અ
બોલી કે—"સાસુજી ! આ વિદ્યા તો બહુ મજાની છે. પણ આપણને જવાનો વ
ખત શી રીતે મળશે ? જુઓ અત્યારે રાજસભા ભરાણી છે, તેમાં રાજાજી ગયા છે
તે સભા સંધ્યાકાળ સુધી રહેશે, ત્યારપછી સંધ્યાકૃત્ય કરીને મારા સ્વામી એક પ
હોર રાત્રે મારા મહેલમાં આવશે. પછી એક પહોર હાસ્ય વિનોદમાં વ્યતિત થશે
ત્રીજા પહોરે રાજા સુશે તે એક પહોર નિદ્રા લઇને પાછલે પહોરે જાગશે. એ રીતે
મને એક ક્ષણ પણ તમારી સાથે આવવાનો અવકાશ નથી એટલે હું શી રીતે
આવી શકીશ ?" સાસુ બોલ્યા કે—"એ બાતની તું ફીકર ન કર. તું મારી કળા જો.
આજે તારા પતિ વહેલા તારે મહેલે આવશે. પછી તું યુક્તિ પ્રયુક્તિથી તેને વહેલા
પોઢાડીને મારી પાસે આવજે." આ પ્રમાણે ગુણાવળીને સમજાવીને વીરમતિ પો-
તાને મહેલે આવી.

સાસુના ગયા પછી ગુણાવળી વિચારવા લાગી કે-"મારા સાસુજી તો મહોટા
ગુણવાન દીસે છે, મારે તો ઘેર બેઠા યાત્રા મળી છે. તેઓ વાતો તો મોટી મોટી કરી
ગયા છે પણ મને એનો વિશ્વાસ આવતો નથી. પરંતુ તેના કહેવા પ્રમાણે જો
મારા પતિ આજે વહેલા આવે તો મને તેનો વિશ્વાસ બેસે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે વીરમતિએ પોતાના મકાનમાં જઇને તરતજ એક વિદ્યા સાધવા માંડી. એટલે તેના વચને બંધાયેલો દેવતા પ્રગટ થયો. તેણે કહ્યું કે–' મને શા માટે આરાધ્યો છે?' વીરમતિ બોલી કે–'કોઇ કોઇને વ્યર્થ બોલાવતું નથી. તમને બોલાવવાની મતલબ એ છે કે–તમે કાંઇક એવો ફંદ રચો કે જેથી મારો પુત્ર રાજસભામાંથી દિવસ છતાં વહેલો ઘરે આવે.' દેવ કહે કે—' એમાં તે શી મોટી વાત છે? અંજળી જેટલા પાણીમાં તે તરવાની શી જરૂર છે? હું હમણાજ તમારો પુત્ર ઘરે આવે એમ કરૂં છું.' પછી તે દેવે દુર્જન મનુષ્યના હૃદય જેવી શ્યામ વાદળાની ઘટા આકાશમાં રચી. તે જોઇને મોર ટહુકા કરવા લાગ્યા અને કામદેવની કરવાળ જેવી વીજળી દશે દિશામાં ચમકવા લાગી, આકાશમાં ગર્જારવ થવા લાગ્યો, જળધારા પડવા લાગી અને શીતળ પવન ફુંકવા લાગ્યો. આ પ્રમાણે ચોતરફ વરસાદ પસરી જવાથી સર્વત્ર અંધારા જેવું થઇ ગયું એટલે રાજા સભા વિસર્જન કરીને ઘરે આવ્યો.દિવસ છતાં રાજાને આવેલા જોઇને ગુણાવળી વિસ્મય પામી અને તેને સાસુના વચન પર પૂર્ણ વિશ્વાસ બેઠો.

પતિને આવેલા જોઈ ગુણાવળી બે હાથ જોડી સામે ઉભી રહી અને બોલી કે –' હે પ્રીતમ! આજ તો આપ ઘણા વહેલા પધાર્યા છો પણ આમ આમણદુમણા કેમ દેખાઓ છો ?' ચંદરાજા કહે કે– 'આ વગર ઋતુએ વરસાદ વરસે છે અને ટાઢો પવન ફુંકે છે તેથી હું વહેલો ઘરે આવ્યો છું. આજે ટાઢથી શરીર કંપવાને લીધે તમને એમ જણાય છે.' પછી ગુણાવળીએ ગંગાના તટની જેવી સુકોમળ શય્યા તૈયાર કરી અને સુકોમળ ઓશીસા મુક્યા. એટલે ચંદરાજા વસ્ત્ર વડે કાન બાંધીને પર્યંકપર બેઠો. ગુણાવળીએ કસ્તુરી અગર વિગેરે તેજનાથી મિશ્ર તંબોળ આપ્યું. અનેક પ્રકારના આસવો પીવા આપ્યા અને નારાયણાદિક તેલનું શરીરપરમર્દન કર્યું. આ પ્રમાણે અનેક સુગંધી પદાર્થોનો ઉપયોગ કરવાથી ચોતરફ સુગંધ ફેલાણી અને ચંદરાજાના શરીરમાંથી શીતનો પરાભવ નાશ પામ્યો. પછી રાજા વસ્ત્ર ઓઢીને શય્યા પર સુતા એટલે ગુણાવળી પગ ચાંપવા લાગી. અને વારંવાર જગાડવા લાગી. એમ કરતાં કરતાં સંધ્યા થઇ એટલે પછી ગુણાવળી શય્યા પરથી ઉઠે બેસે એમ કરવા લાગી અને પતિ નિદ્રાવશ થયા કે નહીં? તે જોવા લાગી. કપટ નિદ્રાએ સુતેલો રાજા આ પ્રમાણે તેનું ચળ ચિત્ત જોઇને મનમાં વિચારવા લાગ્યો કે 'આજે જરૂર કાંઇક નવું જુનું થએલું છે. આ બરાબરની સુશીલા સ્રી દુઃશીલા જેવા આચરણ કેમ કરે છે તે કાંઇ સમજાતું નથી. જરૂર આજે કોઇકના કુસંગથી આ બગડી જણાય છે. મારા જેવો પ્રીતમ છતાં એણે કોઇ બીજા સાથે પ્રીતિ બાંધેલી લાગે છે. નીચની સંગતે સ્રી એવી થાયજ છે એમાં કાંઇ નવાઇ નથી. જુઓ સુવર્ણ જેવી ઉત્તમ વસ્તુને ટંકણખાર સાથે મેળ હોય છે, ઘનસાર જેવી ઉત્તમ વસ્તુ કોયલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના સંગથી સ્થિર થાય છે, ચકોર પક્ષીને અંગારા ખાવા ગમે છે અને બકુલ જે ઉત્તમ વૃક્ષને મદીરાનું પાન પસંદ આવે છે. તેજ પ્રમાણે આજે આ મારી પટરાણી મને છેતરીને જવા ઇચ્છે છે પણ મને જાગતો જાણીને સંકોચાય છે. પરંતુ મા પાસે તેનું કપટ ચાલવાનું નથી.'

આ પ્રમાણે રાજા વિચારે છે તેટલામાં ગુણાવળી રાજાને ઉંઘેલા જાણી છળ ને ઇને મહેલની બહાર નીકળી. રાજા પણ તરતજ શય્યામાંથી ઉઠી ખડ્ગ લઇ તેની પાછળ ચાલ્યો. રાત્રી શ્યામ હોવાથી રાણીનેતેની ખબર પડી નહીં. અહીં સા વહુની વાટ જોતા હતા, તેવામાં ગુણાવળીએ જઇને દ્વાર ઉઘડાવ્યા. વીરમતિ ખુશ થઇ, વહુનો સત્કાર કર્યો અને પોતાની વિદ્યાના પોતાને મોઢે વખાણ કર્યાં. ગુણાવળ બોલી કે 'હે સાસુજી તમારા વચનથી મારા પ્રીતમને છેતરીને છાની રીતે આવી છું હવે જે કરવું હોય તે મને કહો અને હું પાછી વહેલી જઇ શકું તેમ કરો. કેમ મારા જીવન જાગશે તેનો મને ભય છે.' આ વખતે ચંદરાજા બહાર ઉભો ઉભે સાસુ વહુ એક થઇ જે વાત કરે છે તે સાંભળે છે. વીરમતિ બોલી કે "હે વહુ તમે જરા આપણા ઉપવન સુધી જઇને એક કરેણની સોટી લઇ આવો, તે હું મંત્ર આપું, પછી તે લઇને તમારા પતિ પોઢયા છે ત્યાં જઇ તેના ત્રણ ઠબકારા દઇ આવે એટલે તમારા પતિ નિદ્રાને આધીન થઇ જશે, તે આપણે બંને પ્રાતઃકાળે આવશું ત્યારે જાગશે."

સાસુની આવી આજ્ઞા થતાં ગુણાવળી તરતજ રાત્રિનો ને રાજાનો કોઇનો પણ ભય ન ગણતાં ઉપવન તરફ ચાલી અને ત્યાં જઇ એક કુમળી કરેણની કાંબ કાપી લીધી, પછી તે લઇને તરતજ સાસુ પાસે આવી તેના હાથમાં આપી.

ચંદરાજા તો પાધરો પોતાના મહેલમાં પોતાની શય્યા પાસે આવ્યો અને હમણા કંબા લઇને ગુણાવળી આવશે એમ ધારી એક વસ્ત્રનો પુરૂષ જેવો આકાર બનાવી સય્યા ઉપર મુકી તેનાપર વસ્ત્ર ઓઢાડી દીધું અને પોતે દીપકના પાછળના ભાગમાં સંતાઇ રહ્યો કે જેથી ગુણાવળી આવે તો તેને દેખે નહીં. અહીં વીરમતિએ ગુણાવળીને સાબાશી આપીને કણેરની કાંબ મંત્રી આપી કહ્યું કે 'તું જરા પણ રાજાનો ભય રાખીશ નહીં, ચિત્તમાં ધૈર્ય ધારણ કરજે ને મેં કહ્યું છે તે પ્રમાણે કરજે. ગુણાવળી પણ તરતજ પોતાના મહેલ તરફ ચાલી અને પતિને જગાડવાની તજવીજ કર્યા વિના કે તપાસ્યા વિના સય્યા ઉપર કણેરની કાંબના ત્રણ ઠબકારા દઇને તરતજ પાછી વળી. ચંદરાજાએ જોયું કે—માતાએ પણ બહુ સારી શીખવી જણાય છે. ગુણાવળી તો કૃતકૃત્ય થઇને ઉતાવળી સાસુ પાસે આવી. રાજા પણ તેનું ચરિત્ર જોવા તેની પાછળ આવ્યો, અને દ્વારની બહાર નિર્ભય થઇને ઉભો રહ્યો. વહુએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો કંબા સાસુને આપીને પોતે કહ્યા પ્રમાણે કરી આવ્યાની વાત કરી. સાસુએ સાબાશી આપી.

ગુણાવળી બોલી કે—'હે માતા! મારા પતિ તો નિદ્રાવશ થયા પણ આ નગરના લોક બધા જાગે છે, તેમાંથી કોઈ આપણી વાત જાણીને રાજાને કહે તો મારી શી વલે થાય? માટે તેનો કાંઈ ઉપાય કરો તો ઠીક.' વીરમતિ કહે કે–'તું મને શું શીખવવાની હતી. મારા તો એમ પાપડ વણતાં દિવસોના દિવસો વ્યતિત થયા છે. હું હમણાં એવો ઉપાય કરૂં છું કે જેથી મારા ઘરના દ્વારની બહાર બધા નિદ્રાવશ થઈ જશે.' ચંદરાજા વિચારવા લાગ્યો કે–'હું તો ઘરના દ્વારની અંદર છું તેથી મને ફીકર નથી.' પછી વીરમતિએ અંદર જઈને ગર્દભીનું રૂપ કર્યું અને ક્રૂર સ્વરે એવો ખરનાદ કર્યો કે જેથી તમામ નગરીમાં નિદ્રાનો ઉન્માદ પસરી ગયો. નગરીના લોક સર્વ એવા મુર્છિત થઈ ગયા કે, ચક્રીનું સૈન્ય આવે તોપણ જાગે નહીં. આ પ્રમાણે નગરના લોકો ઉપર અવસ્વાપિની નિદ્રા મુકીને તે બહાર આવી. રાજાએ આ બધું દ્વારના છીદ્રમાંથી જોયું. વીરમતિએ બહાર આવી વહુને કહ્યું કે–'મેં આખી નગરીના લોકને એવા કરી દીધા છે કે બાર મણની નોબત વાગે તોપણ કોઈ જાગે નહીં. હવે આપણે આપણી ચંદનવાડીમાં ચાલો, ત્યાં જઈ પહેલોજ સહકાર છે તેનાપર ચડી વિમળાપુરી જઈએ.

હવે વીરમતિ ને ગુણાવળી વિમળાપુરી જશે, સાથે ચંદરાજા પણ જશે. ત્યાં શું હકીકત બની છે ને શું બનવાની છે તે આપણે હવે પછીના પ્રકરણમાં જોશું. હાલ તો આ પ્રકરણમાંથી આપણે શું રહસ્ય ગ્રહણ કરવા યોગ્ય છે તેનો વિચાર કરીએ.

## પ્રકરણ પાંચમાનો સાર.

એક વખત બીજું માણસ પોતાના વાગ્જાળમાં સપડાયું એટલે પછી વશ કરનાર માણસ તેને પોતાની મરજીમાં આવે તેમ નચાવે છે; પરંતુ તેમ નચાવવા માટે તેને ઉંધી સમજણ આપવાની જરૂર પડે છે. વીરમતિ ગુણવળીને વશ આવેલી જાણીને એવી દુષ્ટ સમજણ આપે છે કે જે સ્ત્રીજાતિને માટે તદ્દન વર્જ્ય છે. કુલટા અથવા સ્વચ્છંદે ચાલનારી સ્ત્રીની કૃતિ તેને કર્ત્તવ્ય તરીકે સમજાવે છે. તે છેવટે કહે છે કે જે સ્ત્રી પોતાના પતિથી બીહે તેનો જન્મજ અકૃતાર્થ છે. બ્હીવું એ જુદી વાત છે ને આજ્ઞાને આધીન રહેવું એ જુદી વાત છે. વીરમતિ બે વાતને એક કરી દઈ આજ્ઞા પ્રમાણે વર્તવું—આજ્ઞાથી વિરૂદ્ધ વર્તન ન કરવું અથવા પતિની આજ્ઞા વિના કાંઈ પણ કાર્ય ન કરવું એવા કુળવધુના ધર્મને તો તદ્દન જુદા રૂપમાંજ મુકે છે અને તેનું નામ પતિથી બ્હીવું એમ ઠરાવી તે પ્રમાણે ન વર્તવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશ આપે છે. ચંદરાજા કદિ જાણે તોપણ તેથી ન ડરવાનું પહેલાંથીજ શીખવી રાખે છે. ગુણાવળી જો કે કૌતુક જોવાની અભિલાષાને આધીન થવાથી તેની શીખામણો સાંભળે છે; પરંતુ તે પતિપરાયણ વૃત્તિવાળી હોવાથી પોતાના પતિ પોતાની ઉપર કોઇ પણ રીતે ગુસ્સે ન થાય એવો મંત્રપ્રયોગ કરવા સાસુજીને વિનવે છે. આ બધા કુસંગતિનાં ફળ છે. આવા કામણટુમણને લગતા મંત્રપ્રયોગથી ઘણી સ્ત્રીઓએ પોતાના પતિની અને પોતાની જીંદગી ધુળધાણી કરી નાખી છે, તેમ કરવાથી પતિ તરફનું જે સુખ હોય છે તે ખુએ છે અને પછી ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ તેની જેમ પોતાના હાથના કરેલાં હૈએ વાગેલાં હોવાથી ખુણે બેઠી બેઠી રોયા કરે છે. આવી સ્થિતિ થયાનું ઘણી જગ્યાએ સાંભળીએ છીએ. ભોળી ગુણાવળીની પણ એજ સ્થિતિ થવાની છે, તે આપણે આગળ જોશું. પરંતુ આ હકીકતથી ટુંકો સાર એ લેવાનો છે કે ભુલેચૂકે બનતા સુધી પોતાની પુત્રીને કે સ્ત્રીને અને પુત્રવધુને કુસંગતિ ન થાય તેની સાવચેતી પૂરેપૂરી રાખવી. જે સ્ત્રી સ્વેચ્છાચારી હોય, કુલટા હોય, કુળની લાજમર્યાદા તજી દીધેલી હોય અથવા કુટુંબથી તજાયેલી હોય, પારકી વાતો કરવાના રસવાળી હોય અને સારૂં સારૂં ખાવાના ચરસવાળી હોય, મેળાખેળામાં કે કૌતુક જોવામાં આગેવાન થનારી હોય અને રાત્રિજાગરણના મિષે રાત્રિએ જ્યાં ત્યાં ભટકનારી હોય, ઘરમાં વડેરાઓની મર્યાદા ન જાળવતી હોય અને પોતાના પતિ સાથે પણ ઉત્તમ કુળમાં ન છાજે તેવી છુટ ભોગવતી હોય કે ભોગવવા ઇચ્છતી હોય, અન્ય પુરૂષનો વારવાર પરિચય કરતી હોય અને પરપુરૂષ સાથે હદ મુકીને હસનારી હોય-આવી સ્ત્રીઓની સંગત પોતાનું શુભ ઇચ્છનારી સ્ત્રીઓએ કરવી નહીં તેમજ સુજ્ઞ પુરૂષોએ પોતાની પુત્રી, બહેન, પુત્રવધુ અને સ્ત્રીને તેવી સ્ત્રીની સંગત કરવા દેવી નહીં.

હવે વીરમતિ તરતમાં જ્યાં કૌતુક બનવાનું છે તે કહી સંભળાવે છે. કૌતુકમાં લગ્ન મહોચ્છવ જોવાનો છે એમ નથી પણ પ્રેમલાલચ્છી વિધાતાએ નવરા દિવસે ઘડી હોય એવી અત્યંત સ્વરૂપવાન ગણાય છે અને તેની સાથે પરણવા આવનાર કનકધ્વજ કુમાર પણ એવો રૂપવાન ગણાય છે કે જેને બીજાની નજર ન લાગવા માટે આજ સુધી ભોંયરામાંજ રાખવામાં આવેલ છે તેને જોવાનાં છે. આ હકીકતની સ્પષ્ટતા આપણે આગળ જોશું પરંતુ આવા કૌતુક જોવા અને ગમે તેવો સ્વરૂપવાન હોય પણ જો તે પરપુરૂષ હોય તો તેને જોવો એ કુળવધુનું કામજ નથી. ગુણાવળીનું ચિત્ત વ્યુદ્ગ્રાહિત થઇ ગયેલું હોવાથી એ વિચાર તેને આવતોજ નથી: તેને તો એટલે દૂર એક રાત્રિમાં કેમ જવાય ને એ કૌતુક કેમ જોવાય તેનીજ મુશ્કેલી લાગે છે. વીરમતિ પોતાની વિદ્યાશક્તિની સમજ આપીને તે શંકા દૂર કરે છે એટલે તે પોતાને પતિ પાસેથી છુટવાનો અવકાશ ન મળવાનું કારણ આગળ ધરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પરંતુ તેમાં એટલું વિષ ભેળવેલું છે કે જો અવકાશ મળે તો તો તે આવવા તૈયાર છે. વીરમતિ આજે ચંદકુમાર વહેલા ઘરે આવશે એમ કહે છે. ગુણાવળીના માનવામાં તે વાત આવતી નથી, પણ જો વહેલા આવે તો તેના પર વિશ્વાસ આવવાનું મનમાં કબુલ કરે છે.

વીરમતિ દેવ આરાધનવડે અકાળ વૃષ્ટિ કરાવે છે અને તેથી ચંદકુમાર વહેલા મહેલમાં આવે છે. એટલે ગુણાવળીના સાસુ પરનો વિશ્વાસ દૃઢ થાય છે. ગુણાવળી યથાયોગ્ય પતિભક્તિ કરે છે પરંતુ આજની પતિભક્તિમાં ને રોજની પતિભક્તિમાં ફેર છે. રોજની પતિભક્તિમાં એ વિચાર રહેતો હતો કે પતિ જેમ બને તેમ પોતાની સાથે વધારે આનંદ કરે ને વધારે વખત જાગે તો ઠીક; આજે એવો વિચાર વર્તે છે કે ઝટ સુઇ જાય ને નિદ્રાવશ થઇ જાય તો ઠીક. ક્રિયા તો એકજ છે પણ અધ્યવસાયમાં મોટો ફેર છે.

વિચક્ષણ રાજા ગુણાવળીનું ચળચિત્ત સમજી જાય છે. વિચક્ષણ પુરૂષની પાસે સ્ત્રી ગમે તેટલી પોતાની લાગણીઓ છુપાવે પણ તે છુપી રહી શકતી નથી. તેની પ્રવૃત્તિમાં કાંઇ ને કાંઇ ફેર પડેજ છે. ચંદરાજાના સમજવામાં એની ચપળતા આવવાથી તે પણ કપટ નિદ્રાએ સુએ છે. એકનો પ્રપંચ બીજાની ઉપર પણ અસર કરે છે. તેને ગુણાવળીમાં કુલટાપણાની શંકા આવે છે, તેથી તે અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરે છે, તેટલામાં તો ગુણાવળી પતિને નિદ્રાવશ થયા જાણી મહેલ બહાર નીકળે છે. એટલે રાજાની શંકા મજબુત થાય છે અને તે ખડ્ગ લઇને તેની પાછળ ચલે છે. ક્ષત્રીઓ શસ્ત્ર વિના બહાર નીકળતાજ નથી. કારણ કે તેને અણધાર્યો શસ્ત્રનો ખપ પડે છે. ચંદરાજા વીરમતિ ને ગુણાવળી વચ્ચે થતી વાત સાંભળે છે. છેવટે ગુણાવળીને કણેરની સોંટી લેવા વીરમતિ ઉપવનમાં મોકલે છે. રાત્રિએ ઘર બહાર પગલું દેતાં પણ ભય પામનારી ગુણાવળી એકલી ઉપવનમાં ચાલી જાય છે ને સોંટી કાપી લાવે છે આ સ્ત્રીચરિત્રની પ્રગટ નિશાની છે. તે પોતાને ભય લાગવાનું જે બતાવે છે તે માત્ર પતિને છેતરવા માટેજ છે. અહીં કવી કહે છે કે 'સ્રીની મતિ પાનીએ તો કહેવાય છે પણ રાત્રિએ તો તે પાનીથી પણ નીચી જાયછે.'

ચંદરાજા ત્યાં ન રોકાતાં ગુણાવળીને છેતરવાની યુક્તિ રચે છે ને ગુણાવળી તેથી છેતરાય પણ છે. રભસવૃત્તિએ કરવામાં આવતા કામમાં તેવી ભૂલ થવાનો સંભવજ છે. પતિને નિદ્રાધિન કરી આવ્યા પછી ગુણાવળી બીજી શંકા ઉઠાવે છે અને તેના જવાબમાં વીરમતિ કહે છે કે મારા તો એમ પાપડ વણતાં દિવસોના દિવસો વ્યતિત થઇ ગયા છે, આ એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવવાળું વાકય છે કે હું કાંઇ નવી શીખાઉ નથી, એ બધી વાત હું શીખેલીજ છું. પછી વીરમતિ નગર લોક સર્વને નિદ્રાધિન કરવા શાસણી વિદ્યાનો પ્રયોગ કરે છે. વિદ્યાની શકિત પારાવાર હોય છે. નગરના લોકો પણ નિદ્રાને વશ થાય છે. અહીં પોતાના સ્વાર્થમાં તત્પર થયેલ દુષ્ટ સ્ત્રી જાતિ કેટલો અનર્થ કરે છે તે વિચારવાનું છે. શહેર બધાને આવી સ્થિતિમાં મુકવાથી દુર્ભાગ્ય યોગે અગ્નિનો અથવા બીજો કોઇ પણ પ્રકારનો ભય ઉત્પન્ન થાય તો તેનું પરિણામ શું આવે તેનો વિચાર કિંચિત્ પણ રાખવામાં આવેલો નથી. આ સ્ત્રી જાતિની ક્રુરતાનું પ્રકટ ચિન્હ છે.

આ આખા પ્રકરણમાં સ્ત્રી ચરિત્રનુંજ પ્રદર્શન છે, સ્ત્રી જાતિ ભોળી–ભદ્રિક–સરલ-પરિણામવાળી હોય તે છતાં પણ કુસંગતિથી તે કેવા કેવા નાટક ભજવે છે તે જોવાનું છે, ગુણાવળી જેવી ભલી અને ભોળી તેમજ પતિવ્રતા અને પતિપરાયણ સ્ત્રી માત્ર કૌતુક જોવાની ઇચ્છાથી વીરમતિ જેવી સ્વેચ્છાચારી સ્ત્રીને આધિન થઇ જાય છે અને તેથી પોતાના પતિને ઉંઘતા વેચવા જેવું કાર્ય આચરે છે. આ પ્રકરણમાં સ્ત્રી જાતિએ શિક્ષણ એ લેવાનું છે કે એકવાર જો આવી સ્વચ્છંદી સ્ત્રીને આધિન થઇ તો પછી તેમાંથી છુટી શકાવાનું નથી. ઉત્તરોત્તર વધારે ને વધારે નીચાજ ઉતરતા જવાનું થાય છે. માટે એવી સંગત મૂળમાંથી તજી દેવી. પુરૂષે એ શિક્ષણ લેવાનું છે કે પોતાને લાગતી વળગતી સ્ત્રીઓને એવી સંગત થવા ન દેવી, કેમકે સંગત થયા પછી, તેનો પાસ લાગ્યા પછી, તેમાં મીઠાશ આવ્યા પછી તેને તજવાનું કહેવું કે તેવો પ્રયત્ન કરવો તે લગભગ નિષ્ફળ નીવડે છે. માટે પહેલાંથીજ સાવચેતી રાખવી.

આ પ્રકરણ અહીં સમાપ્ત થાય છે. વીરમતિ ને ગુણાવળી હવે વિમાનમાં જવા તૈયાર થાય છે. ચંદકુમાર તેને કયાં જવું છે ને શું કામે જવું છે? તે જાણતું નથી તેથી તે પણ તેની પાછળ જવા તૈયાર થયા છે. હવે તેઓ કયાં જાય છે ત્યાં શું થાય છે તે આપણે હવે પછીના પ્રકરણમાં જોવાનું છે. હવે પછીનું પ્રકરણ ઘણું રસીક છે તેથી તે વાંચવાનો લાભ તરતમાંજ આપવાનો નિર્ણય કરી આ પ્રકરણનું રહસ્ય સમાપ્ત કરવામાં આવે છે અને ફરી ફરીને સ્ત્રી ચરિત્ર નીહાળી જવાની સૂચના કરવામાં આવે છે જેથી તેનાથી ચેતતા રહી શકાય.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गृहस्थनां कर्त्तव्यो.

( અનુસંધાન પૃષ્ઠ ૩૧૦ થી. )

સાધુ ધર્મની યોગ્યતા મેળવવા માટે જે જે વાક્યો કર્ત્તવ્ય તરીકે બતાવવામાં આવ્યા છે, તેમાંના બાર વાક્યની વ્યાખ્યા આપણે પ્રથમ કરી આવ્યા છીએ. ત્યાર પછી તેરમું વાક્ય आवलम्बनीयं धैर्यं એટલે ધૈર્યનું અવલંબન કરવું એ કહેલું છે. ધૈર્ય એટલે ધીરજ. ધીરજ રાખવાની વાતો તો અનેક મનુષ્યો અનેક પ્રસંગે કરે છે તેમાં પણ પ્રાયે અન્યને આવી પડેલા દુઃખદાયક પ્રસંગે તેવી વાતો વિશેષ કરે છે; પરંતુ તેવોજ પ્રસંગ પોતાને પ્રાપ્ત થતાં ધૈર્ય કેવું કે કેટલું રાખવામાં આવે છે તે વિચારવા યોગ્ય છે. ધૈર્ય રાખવાની જરૂર બહુધા આપત્તિને પ્રસંગેજ હોય છે. અથવા કોઇની પાસેથી એકાએક આપત્તિ આવવાની વાત સાંભળવામાં આવે અથવા પોતાથી વિરૂદ્ધ વર્ત્તન અમુક માણસ કરે છે અથવા કરવાનો છે એવું સાંભળવામાં આવે ત્યારે ધીરજ રાખવાની જરૂર પડે છે. આપત્તિ પ્રાપ્ત થાય ને ધીરજ રાખવી તેમાં તો વધારે હિંમતની જરૂર પડે છે; પરંતુ આપત્તિ પ્રાપ્ત થયા અગાઉ તે પ્રાપ્ત થશે કે નહીં એવી શંકાના સમયમાં પણ ધૈર્ય રાખનારા બહુ ઓછા દૃષ્ટિએ પડે છે અને તેવે વખતે ઉતાવળ કરનારા ઉલટા આપત્તિ આવવાની ન હોય છતાં પોતાના કૃત્યને પરિણામે આપત્તિના ભાજન થઇ પડે છે. માટે જ્યાં સુધી આપત્તિ આવી ન હોય ત્યાં સુધી તે કેમ ન આવે તેને માટે ધૈર્યતા પૂર્વક શાંતવૃત્તિથી તેના ઉપાયો ચિંતવવા, ઉપાયો કરવા અને હરેક રીતે તેને અટકાવવી. પણ એમ કરતાં આપત્તિ આવીજ પડે તો પછી પરિપૂર્ણ ધૈર્ય રાખી તેને સહન કરવી, અને અકળાઇ ન જતાં તેનો જેટલો કાળ હોય તેટલો વ્યતિત થવા દેવો. આપત્તિ જ્યારે આવે છે ત્યારે ઉતાવળો માણસ એકદમ ગભરાઇ જાય છે એટલુંજ નહીં પણ તે આપત્તિ પાછી નાશ પામશેજ નહીં એમ ચિંતવી દુઃખ સમુદ્રમાં ડુબી જાય છે તેને પ્રસંગે ધૈર્યવાન માણસ ગભરાઇ ન જતાં તેને સહન કરવાની શક્તિને એકઠી કરી અકળાયા વગર સહન કરે છે અને તેની સ્થિતિ પૂરી થાય છે ત્યાં સુધી ધૈર્ય રાખે છે. એટલું ચોક્કસ ધ્યાનમાં રાખવું કે કોઇ પણ આપત્તિ કાયમની હોતી જ નથી. જે આપત્તિ આવે છે તે કાળે કરીને નાશ પામે જ છે તેમાં બીલકુલ શંકા નથી. તેનો કાળ ઓછો કે વત્તો પણ નિયામક થયેલો હોય છે. યાવજ્જિવિત રહે તેવી આપત્તિ ક્વચિત જ પ્રાપ્ત થાય છે, માટે ઉત્તમ સ્થિતિ મેળવવાના જીજ્ઞાસુઓએ નિરંતર ધૈર્યનું અવલંબન કરવું. ધૈર્યનું અવલંબન કરનાર શ્રાદ્ધજ સાધુ ધર્મની યોગ્યતા મેળવી શકે છે.

[illegible] ચિંતવન કરીએ [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ થાય—વ્યાપારાદિમાં પૈસા જાય અથવા અગ્નિ કે જળ વિગેરેના ઉપદ્રવથી તેનો વિનાશ થાય તો એવે પ્રસંગે ધૈર્ય રાખવાની ખાસ જરૂર છે. તે વખતે ચિંતવન એવું કરવું કે લક્ષ્મી લાભાંતરાયના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે ને લાભાંતરાયનો ઉદય થાય ત્યારે નાશ પામે છે—ચાલી જાય છે. એ પ્રકૃતિનો ઉદય ને ક્ષયોપશમ થયાજ કરે છે, તેથી એકવાર જેમ તેના ક્ષયોપશમથી લક્ષ્મી મળી હતી તેવીજ રીતે બીજીવાર પણ પાછો તેનો ક્ષયોપશમ થશે કે અવશ્ય તે મળશે. લક્ષ્મી મેળવવામાં એકલું માણસનું બળ, પ્રયત્ન કે બુદ્ધિ કામે લાગતી નથી કારણ કે એક સરખો પ્રયત્ન કરનારા, લક્ષ્મી મેળવવામાં મચી રહેનારા અને બુદ્ધિનો પૂરેપૂરો ઉપયોગ કરનારા અનેક મનુષ્યો હોય છે છતાં તેમાંથી અમુક માણસો લક્ષ્મી મેળવે છે ને અમુક માણસો લક્ષ્મી મેળવી શકતા નથી. ઉપરાંત કેટલાક તો મેળવેલી લક્ષ્મી ભેળી ખોઇ બેસે છે. ત્યારે એ વાત સિદ્ધ થાય છે કે જેને લાભાંતરાય તોડેલો હતો તેને લક્ષ્મી મળી અને જેણે તોડેલો નહોતો તેને ન મળી. એટલા માટે લક્ષ્મીના વિનાશને પ્રસંગે ધૈર્યનું અવલંબન કરવું યોગ્ય છે.

બીજી આપત્તિ સ્ત્રી, પુત્ર, મિત્ર અથવા અન્ય કુટુંબીઓનો અલ્પ કાળ માટે કે કાયમને માટે વિયોગ થવો તે છે. આવી આપત્તિને વખતે પણ ધૈર્ય રાખવાની જરૂર છે કારણ કે સંયોગ સ્થિતિએ સૌ આવી મળે છે અને વિયોગ સ્થિતિએ છુટા પડે છે. જેનો જેનો સંયોગ થાય છે તેનો તેનો વિયોગ નિર્માણ થયેલો હોય છે. કોઇપણ વસ્તુ કે મનુષ્ય અખંડ સંયોગવાળા હોતા નથી. તેથી વિયોગ ધર્મ ઉપસ્થિત થયે કોઇપણ મનુષ્ય આપણાથી વિખુટું પડે તો તેમાં આશ્ચર્ય શું છે? તેમાં નવાઇ શી છે? તેમાં ગભરાવા જેવું શું છે? જેમાં આપણું બળ ન જેમાં આપણો પ્રયત્ન ચાલી શકે તેમ નથી, તેમાં ફોગટ ગભરાવું અને દુઃખમાં ગરક થઇ જવું તે અજ્ઞાનીનુંજ કર્તવ્ય છે. વળી તેવી આપત્તિમાં ડુબેલો માણસ એક વખતે જે વેશ ભજવે છે તે બીજી વખતે જુદોજ વેશ ભજવે છે. એક સ્ત્રીના મરણ પ્રસંગે દુઃખમાં ડુબી ગયેલો દેખાતો માણસ બીજી સ્ત્રી પરણે છે ત્યારે પહેલી વાત તદ્દન ભુલીજ જાય છે અને જાણે એ દુઃખ આવ્યુંજ નહોતું એવો દેખાવ આપે છે. એક પુત્રના વિયોગ વખતે તદ્દન નરવસ થઇ ગયેલો માણસ બીજા પુત્રની પ્રાપ્તિ વખતે અથવા પુત્રના પુત્રને પરણાવતી વખતે તેમજ એવા બીજા પ્રસંગે પાછો એવો દેખાવ આપે છે કે જાણે તેને દુઃખ પડયુંજ નહોતું. વિયોગ વખતે પણ એટલો બધો દુઃખી દેખાય છે કે આ દુઃખમાંથી એનો છુટકારો થશેજ નહીં, એમ લાગે છે પણ અમુક વખત પછી પાછો તે વિયોગ ભુલી જાય છે અને તેના સ્ત્રીપુત્રાદિ ગમે તેવી દુઃખી સ્થિતિ ભોગવતા હોય તો તેની સંભાળ પણ લેતો નથી. આવી રીતે જુદા જુદા સંબંધીઓના વિયોગ વખતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેની જે સ્થિતિ દેખાય છે તેને ફરી જતાં વાર લાગતી નથી. એવે પ્રસંગે ઉત્તમ શ્રાવકે ધૈર્યતાનું અવલંબન કરવાની ખાસ આવશ્યકતા છે. કારણકે એમ ગભરાઈ જવાથી જે વિયોગ દુઃખ પ્રાપ્ત થયું છે તે નાશ પામતું નથી. ગમે તેટલા કલ્પાંતથી પણ ગયેલ માણસ પાછું આવતું નથી. માટે જેમાં આપણો ઉપાય નથી તેમાં ફોગટનું ગભરાવું અને આક્રંદાદિ કરવાવડે કર્મબંધ કરવો તે સુજ્ઞ મનુષ્યનું કામ નથી. ધૈર્યવાન માણસ એવે વખતે વસ્તુ સ્થિતિનો, સંયોગ વિયોગ સ્વભાવનો અને એવોજ બીજો અનિત્યભાવનાયુક્ત વિચાર કરે છે કે જેથી તે આપત્તિને સંપત્તિ બંનેની પ્રાપ્તિ વખતે સમાન સ્થિતિવાળો દેખાય છે.

આ સિવાય બીજી પણ જુદી જુદી અનેક પ્રકારની આપત્તિઓ આ સંસારમાં ભરેલી છે. તેનું પૃથક્ પૃથક્ વર્ણન કરતાં પાર આવે તેમ નથી. કેટલીક વખત પોતાની ભૂલથીજ પોતાને આપત્તિમાં આવી જવું પડે છે. કેટલીકવાર નાની ભૂલ મોટું રૂપ પકડે છે અને કેટલીકવાર મોટી ભૂલ માફીમાં ચાલી જાય છે. એવે પ્રસંગે પોતાની નાની કે મોટી ભૂલનો, નાનો કે મોટો જે બદલો મળે તે ધીરજથી સહન કરવો અને ફરીને તેવી ભૂલ ન કરવાનો નિર્ણય કરવો, પણ તેવે વખતે ગભરાઈ જવું નહીં. જુઓ ! પાંડવો પૈકી યુધિષ્ઠિરે દ્યુત રમવાની કરેલી ભૂલના બદલામાં પાંચે પાંડવોને બાર વરસ વનવાસ વેઠવો પડ્યો, અનેક દુઃખો સહન કરવા પડ્યા, દ્રૌપદીના ચીર ખેંચાયા અને માતા ને સ્ત્રીને સહન કરવા પડતા દુઃખો દેખી ન શકયા. છેવટે પોતાના કુલનું નિકંદન પોતાને હાથે કરવાનો વખત આવ્યો અને તેમાં પણ તરીને પાર ઉતર્યા પછી પોતાના પુત્રોનો અને દ્રૌપદીના બંને ભાઈઓનો પ્રાણ વિનાશ થયો છતાં પણ એમણે ધીરજ રાખી તે બધું સહન કર્યું તો છેવટ તેઓ મહાન રાજ્યના ભોક્તા થયા અને પ્રાંતે આત્માનું પણ હિત કર્યું. વળી રામચંદ્ર જેવા મહાપુરૂષને જે સમય રાજ્ય પ્રાપ્તિ માટે નિર્માણ કરેલો હતો તેજ સમયે વનવાસ જવું પડ્યું, વનવાસમાં પણ ઘણા દુઃખો સહન કરવા પડ્યા, પ્રાણથી વહાલી સીતાનું હરણ થયું, તેની શોધ કરવામાં લાંબી મુદત વીતી ગઈ, તેનો પત્તા લાગતાં રાવણ જેવા બળિષ્ઠની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, તેમાં પણ એક વખત લક્ષ્મણ જેવા પ્રાણપ્રિય બંધુના પ્રાણ વિનાશ પામશે એવી દૃઢ શંકાવાળો સમય પ્રાપ્ત થયો છતાં પણ રામચંદ્રે ધીરજ રાખીને તે બધું સહન કર્યું તો પ્રાંતે તેઓ ત્રણ ખંડના અધિપતી થયા. સીતાએ રાખેલી ધીરજ તો એથી પણ અનહદ છે. પતિને રાજ્ય મળવાનો વખત તેજ વનવાસ જવાનો વખત થયો તો પણ તેથી ન ગભરાતાં સાથે રહી, વનવાસના કષ્ટો ભોગવતાં પતિને દુઃખી થવા ન દીધા, રાવણ જેવા દુષ્ટે હરણ કર્યું ત્યાં પણ અનેક પ્રકારના ભયની વચ્ચે શીયળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને ધારણ કર્યું, ફરીને રાજ્ય સંપત્તિ પ્રાપ્ત થયા પછી શોકયના કર્તવ્યથી રામચન્દ્રે વનમાં તજી દીધી. તે વખતે સગર્ભાવસ્થા છતાં તે દુઃખ સહન કર્યું, પુત્રોને પારકે ઘેર રહીને ઉછેર્યા અને ફરીને પતિ પાસે જતાં અગ્નિના કુંડમાં પડવા રૂપ દિવ્ય કર્યું અને છેવટે સાંસારિક સુખ માત્રને દુઃખરૂપ સમજી તેનો સર્વથા ત્યાગ કરી ચારિત્ર અંગિકાર કર્યું. આવી અપૂર્વ સમતા–અપૂર્વ ધૈર્ય એક સ્ત્રી જાતિએ રાખીને પુરૂષોને પણ પોતાનું અનુકરણ કરવાનું શીખવ્યું છે. આવા સ્ત્રી કે પુરૂષો જગતમાં આદર્શ તુલ્ય છે. ઉંચી સ્થિતિએ ચડવાના ઇચ્છકે આવા આવા ધૈર્યવાન ના દાખલાઓ લઇ ગમે તેવી આપત્તિમાં પણ ધૈર્ય રાખવું તોજ ઉંચી દશા પ્રાપ્ત થશે અને મુનિધર્મની યોગ્યતા મેળવી શકાશે.

ત્યારપછી ચૌદમું વાક્ય **पर्यालोचनीयायतिः** એટલે આયતિ–ઉત્તરકાળ–પરિણામનો વિચાર કરવો–તેનું પર્યાલોચન કરવું એ કહેલું છે. આ વાક્ય બહુ વિચાર કરવા યોગ્ય છે. પરિણામ પર્યંત દૃષ્ટિ પહોંચે તેવા દૃષ્ટિ પહોચાડનારા મનુષ્યો બહુ થોડા હોય છે. જેની દૃષ્ટિ પરિણામ પર્યંત પહોચે છે એવા દીર્ઘદૃષ્ટિવાન મનુષ્યોના કાર્ય પ્રાયે સફળતાવાળાજ હોય છે. ઘણા મનુષ્યો તો લાંબી નજર ન પહોંચવાથી તરતમાંજ જે કાંઇ લાભ કે નુકશાન દેખાતું હોય તે પ્રમાણે કોઈ પણ કાર્ય કરે છે અથવા નથી કરતા. બુદ્ધિમાન મનુષ્યો કોઇ પણ કાર્ય કર્યા અગાઉ બહુ લાંબી નજરથી તેનું પરિણામ વિચારે છે. તેને માટે કેટલોક કાળક્ષેપ કરે છે અને જો પરિણામે લાભ દેખાતો હોય તોજ તે કાર્ય આચરે છે. સુજ્ઞ શ્રાવકની દૃષ્ટિ અમુક વર્ગની હદ સુધી પહોચે છે એમ નહીં પણ આગામી ભવ પર્યંત પહોચે છે.પોતાથી કરાતા કોઇ પણ કાર્યનું ફળ તરતમાં શું બેસશે? તેનું લાંબે દિવસે પરિણામ શું આવશે? અને આગામી ભવમાં પણ તેનું શું ફળ બેસશે? તેનો વિચાર કરે છે. દૃષ્ટાંત તરીકે લોભી મનુષ્ય લોભના આવેશમાં આવીને અપ્રમાણિકપણાથી કોઈને ઠગે છે, તેનું તરતમાંજ જો સામો માણસ ઠગાઇ કે વિશ્વાસઘાતનો ચાર્જ મુકી કોર્ટમાં ઘસડે છે તો પૈસાની ને આબરૂ ઇજ્જતની નુકશાની ભોગવવારૂપ ફળ બેસે છે. લાંબે દિવસે તેનો વ્યાપાર જે પ્રથમ સારો ચાલતો હોય છે તે ભાંગી પડવારૂપ ફળ બેસે છે અને આગામી ભવમાં લાભાંતરાયનો ઉદય થાય છે કે જેથી લક્ષ્મીનો સંયોગજ મળતો નથી. આ વિચાર સુજ્ઞ શ્રાવકને પ્રથમજ આવે છે. અહીં આયતિનો વિચાર કરવાનું કહ્યું છે તેનો ખાસ હેતુ સાંસારિક સુખના પરિણામનો વિચાર કરવાની જરૂર બતાવવા માટે છે.સંસારમાં સ્ત્રી, પુત્ર પરિવારથી કે ધન ધાન્ય ને હાટ હવેલીથી અથવા અધિકાર કે રાજઋદ્ધિથી જે સુખ દેખાય છે તેનું તાત્કાળિક પરિણામ, દીર્ઘકાલિન પરિણામ, અને આગામીભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્ત પરિણામ વિચારવાની જરૂર છે.જે પ્રાણીએ ત્રણે પ્રકારના પરિણામનો વિચાર કરે છે તે કદિ પણ તેમાં આસક્ત થતા નથી, મોહાઈ જતા નથી, મુંઝાઈ જતા નથી, લીન થઇ જતા નથી અને તેને વાસ્તવિક સુખ તરીકે માનતા પણ નથી. કેમકે તે સુખ તદન ક્ષણિક છે એટલુંજ નહીં પણ આગળ ઉપર તે સુખના પરિણામ કટુ આવે તેમ છે. કારણ કે એ બધા સુખ ભોગવવાની તીવ્ર ઇચ્છા થતાં તેની પ્રાપ્તિ માટે અનેક પ્રકારના પાપસ્થાનકો સેવવા પડે છે; તે સિવાય તેની પ્રાપ્તિ, સ્થિતિ અને રક્ષણ થઇ શકતું નથી. એ પાપસ્થાનકો પરિણામે વિરસ ફળ આપે છે અને તે કાર્ય જો કે અનેક મનુષ્યો માટે કરેલ હોય છતાં તેના ફળ કર્ત્તાને એકલાનેજ વેઠવા પડે છે. આટલા માટે સાધુ ધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છક શ્રાવકે આયતિની પર્યાલોચના અવશ્ય કરવી કે જેથી મૃગતૃષ્ણા જેવા સાંસારિક સુખોમાં આસક્તિ થાય નહીં.

ત્યાર પછી પંદરમું વાક્ય **अवलोकनीयो मृत्युः** એટલે મૃત્યુ સામે નજર કર્યા કરવી એ કહેલું છે. મૃત્યુ સામે નજર કર્યા કરવી એટલે તેને ભૂલી ન જવું-વારંવાર સંભાર્યા કરવું. એક વાર અવશ્ય મૃત્યુ આવવાનું જ છે એ વાત સ્મરણમાં રાખવી, તે સાથે તે કયારે આવશે તેનો નિરધાર નથી તે પણ ભૂલવું નહીં. વળી જ્યારે આવશે ત્યારે અણચિંત્યું જ આવશે એ પણ યાદ રાખવું. આ બધું યાદ રાખવાનું કારણ એ છે કે એવી અણધારી વખતે અણચિંત્યું મૃત્યુ આવશે તો પછી તે વખતે કાંઇ પણ કરી શકાશે નહીં. મનની ધારણા મનમાં જ રહેશે અને આ દેહ છોડીને ચાલ્યા જવું પડશે. અહીં વૃદ્ધ બન્યા હતા તે પાછા બાળક બનવાનો વખત આવશે. તેથી જે સત્કાર્ય કરવું હોય, પરોપકાર કરવો હોય, આગામી ભવનું સંબળ મેળવવું હોય તે તરતમાં જ મેળવવું. વાયદે વાત રાખવી નહીં, કાલે કરીશ એમ પણ ધારવું નહીં. કારણ કે **કોણે દીઠી કાલ**.-કાલ કોઇએ જોયેલ નથી કે કેવી ઉગશે ? ભવ વૈરાગ્ય શતકમાં પણ કહ્યું છે કે ' જે કાલે કરવું હોય તે આજે કર અને આજે કરવું હોય તે અત્યારે કર. કારણ કે એક મુહૂર્ત્ત પણ બહુ વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ પુણ્યકાર્ય કરવામાં રાહ જોઇશ નહીં. ' મૃત્યુને જોયા કરવાનું કારણ એ છે કે-મૃત્યુ જેને સ્મરણમાં હોય છે તે પાપકાર્ય કરતાં ડરે છે, પાછો ઓસરે છે, ભય પામે છે, નિઃશુકતાથી કરતો નથી. તેને એમ રહે છે કે હું અચાનક મરી જઇશ તો આ પાપના કડવા વિપાક મારે જ ભોગવવા પડશે. આટલા માટે ભવવૈરાગ્ય શતકમાં જ કહ્યું છે કે-' તારી પાછળ તારી છાયાને મિષે જ કાળ ભમ્યા કરે છે એમ સમજ. એક ઘડી પણ તે તારો છેડો છોડતું નથી માટે તું નિર્ભય રહી કાંઇ પણ પાપકર્મ કરીશ નહીં. ' મૃત્યુને જોયા કરવાથી-સંભાર્યા કરવાથી અનેક પ્રકારના લાભ થાય છે. જ્યારે કોઇ પ્રાણી કોઇ મહા પાપ કરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા કોઈનું ઘણું જ બુરૂં કરે છે અથવા કોઈ પ્રકારના સાંસારિક સુખમાં આસક્ત થઇ જાય છે ત્યારે તે મૃત્યુને ભૂલી જ જાય છે. તેને એમ યાદ આવતું જ નથી કે મારે આ બધું મુકીને મરી જવું છે અને અહીં જે કાંઇ પાપકર્મ કરીશ તે મારે ભોગવવા પડવાના છે. આવી વિસ્મૃતિ થવાથી જ તે નિઃશંકપણે પાપ કાર્ય કરે છે અથવા સંસારના મોહમાં ખુંચી જાય છે. પણ જેને મૃત્યુ યાદ રહે છે તે તેવી સ્થિતિમાં આવતો જ નથી. માટે સાધુ ધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકે મૃત્યુને વારંવાર જોયાં કરવું–સંભારવું.

ત્યાર પછી સોળમું વાક્ય **ज्ञवितव्यं परलोकप्रधानैः** એટલે પરલોક પ્રધાન થવું અર્થાત્ પરલોકના કાર્યમાં મુખ્ય પ્રવૃત્તિ કરવી એ કહેલું છે. પરલોકના કાર્યમાં એટલે પરભવનું જેમાં હિત સમાયેલું હોય તેવા કાર્યમાં.આગામી ભવમાં જે કાર્ય કરવાથી સુખ સંપત્તિ ને ધર્મ સાધનની પ્રાપ્તિ થાય તેમ હોયતેવું કાર્ય મુખ્ય પણે કરવું. આ ભવ સંબંધી સુખ પ્રાપ્તિના કાર્યમાં ગૌણ બુદ્ધિ રાખવી અને પરલોક સંબંધી સુખ પ્રાપ્તિના કાર્યમાં મુખ્ય બુદ્ધિ રાખવી. આમાં એક એવી મતલબ સમાયેલી છે કે આ લોકની–આ ભવની સુખ પ્રાપ્તિને ગતભવમાં કરેલા પુણ્ય પાપ સાથે ગાઢ સંબંધ છે. અંહીં સુખ પ્રાપ્તિ માટે ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે પણ જો પૂર્વ ભવે અશુભ કર્મનો બંધ કરેલો હોય તો કોઇ પ્રકારે સુખ પ્રાપ્ત થઇ શકે નહીં, સુખ પ્રાપ્ત થાય તો તે ટકે નહી કારણ કે ઉદય સ્થિતિમાં આવેલા કર્મો રોકી શકાતા નથી. નવો બંધ કરવાનુંજ આપણા હાથમાં છે. આ ભવમાં સુખ કે દુઃખ જે પ્રાપ્ત થાય તે સમ્યગ્ ભાવે સહન કરવામાં આવે અને નવો બંધ અશુભ ન પડે તેને માટે સાવચેતી રાખવામાં આવે–શુભ બંધ થાય તેવો પ્રયત્ન કરવામાં આવે તો આવતા ભવે અવશ્ય આર્યદેશમાં, ઉત્તમ કુળમાં, નિરોગી શરીરે જન્મ થાય, જન્મથીજ સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય અને ધર્માનુકુળ પરિવાર મળવાથી અને સદ્ગુરૂની જોગવાઈ મળવાથી ધર્મનું આરાધન થાય જેથી પ્રાંતે સદ્ગતિની પ્રાપ્તિ થાય. આ પ્રમાણે જે પ્રાણી પરલોક પ્રધાન વૃત્તિ રાખે છે, આગામી ભવના આરાધન માટેજ પ્રયત્ન કર્યા કરે છે તે તેના સત્ફળનું આસ્વાદન અવશ્ય કરે છે; પણ જે મનુષ્ય આ ભવમાં દ્રવ્ય સંપત્તિ અને ઇંદ્રીયજન્ય સુખો પ્રાપ્ત કરવાના પ્રયાસમાં મચ્યા રહે છે તે જો પૂર્વનો શુભ ઉદય હોય તો જુદી વાત–નહીંતો તેનો પ્રયાસ નિષ્ફળ જાય છે. સુખ સંપત્તિ પ્રાપ્ત થતી નથી અને ઉલટો અશુભ કર્મનો બંધ પડે છે. માટે સાધુ ધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છક શ્રાવકે પરલોક પ્રધાન થવું, જેથી પૂર્વના અશુભ કર્મનો જો ક્ષય થશે તો આ ભવમાંજ મુનિ ધર્મની પ્રાપ્તિ થશે, નહીં તો આગામી ભવે તો જરૂર થશે. આ વાક્યનું ટુંકામાં આટલું રહસ્ય છે.

For Private And Personal Use Only

ત્યાર પછી સત્તરમું વાકય सेवितव्यो गुरुजनः એટલે ગુરૂજનની સેવા કરવી એ કહેલું છે. અહીં ગુરૂજનમાં ધર્મગુરૂ, વિદ્યાગુરૂ અને માતપિતા વિગેરેનો સમાવેશ ન કરતાં માત્ર ધર્મગુરૂનોજ સમાવેશ કરવો યોગ્ય જણાય છે. કારણ કે પાંચમા વાકયમાં એ બધાના માનનીયપણા માટે કહેવાઈ ગયું છે. અહીં તો મુનિધર્મના ઇચ્છકે [illegible]તર ઉત્તમ મુનિ મહારાજની મન વચન કાયાથી સેવા કરવી. તેમની વૈયાવચ્ચ કરવી. તેમની આજ્ઞા ઉઠાવવી, તેમની આહાર પાણી વડે ભક્તિ કરવી, ઔષધાદિકની જરૂર પડ્યે તે સંબંધી સંભાળ લેવી, જેમ બને તેમ વધારે વખત તેમના પરિચયમાં રહેવું, તેમના ક્રિયાકલાપ પ્રીતિ પૂર્વક જોવા અને શીખવા, જ્ઞાનાભ્યાસ તેમની સમિપે તેમની આજ્ઞાનુસાર કરવો. તન મન ધનથી સેવા કરવામાં કચાશ રાખવી નહીં. જેઓ એવી ગુરૂજનની સેવા કરે છે તેઓ અલ્પ કાળમાં સાધુ ધર્મની યોગ્યતા મેળવે છે અને સાધુ ધર્મ પ્રાપ્ત પણ કરે છે; જેઓ ગુરૂજનની સેવાથી વિમુખ છે, તેમાં અલ્પાદર વાળા છે, કથંચિત્ કરનારા છે, તેઓ મુનિધર્મની યોગ્યતા દીર્ઘકાળે પણ મેળવી શકતા નથી. કારણ કે પ્રથમ તો જે વસ્તુ આપણે પ્રાપ્ત કરવી હોય તે વસ્તુ તરફ અને તે વસ્તુને પ્રાપ્ત કરનાર તરફ આપણી પૂર્ણ પ્રીતિ થવી જોઈએ, તેને મેળવનારની યથાશક્તિ ભક્તિ કરવી જોઈએ અને તે વસ્તુ મેળવવાનો માર્ગ તેમની પાસેથી સમજી લઇ તેના પ્રયત્નમાં ઉદ્યુક્ત થવું જોઇએ. તોજ તે વસ્તુ મળી શકે છે. આટલા માટેજ સાધુ ધર્મના ઇચ્છક શ્રાદ્ધ માટે આ વાકય કહેવામાં આવ્યું છે કે તેણે ગુરૂજનની સેવા અવશ્ય કરવી.

સંપૂર્ણ

# अतिहर्षदायकसमाचार.

प्रिय बन्धुओं! आज शु समाचार भेट करतेहुए मुझे अति आनन्द होताहै—राज देवलिया प्रतापगढ ( मालवे ) में मुरवी ठिकाना धमोतर है. इस ठीकानेमें एक छोटासा ग्राम नराणखेड़ा है. ईसमें कृशी ( किशान ) लोग रहते है. इसी ग्राममें एक देवी नारासिङ्गीका स्थान प्रसिद्ध है. इस देवीके यहां विजया दशमी ( दशेरे ) के दीन बलिदान हर साल इस तरह पर होताहै. मैष ( भेसा ) १–२ अजा ( बकरा ) २५–३०–३५. इस दानको रोकनेके लिये उक्तठीकानेके तहसीलदार सहाब लाला शिवलालजी तथा तेजकरन पटवा ये दोनोही महाशय जाकर देवीके स्थानपर विद्यमान ( विराजमान ) हो-

गए. इतनेहीमें एक आदमी ज्ञाति क्षत्री ज्योंकि मांस आहारी था उसके दी
लमें देवी आकर खेलने लगी. जब श्रीमान तहसीलदार साहब वार ओहक
देवीसें प्रश्न किया——हे जगदम्बा तेरे दरबारमें बेगुना बेजुबान जानवर कतल
होतेहै जीसका बदला कौन देगा ? जब देवीने उतर दीया की–येलोग मेरा
नाम बदनाम करते है. नतो मेरा भक्ष ( खाना ) है, न लेतीहै. ये लोग अपने
पेट भरनेके लिये करते है. और देवी ये उपदेश दिया के " हे मेरे यात्रीयो
देखो, आपनी जान अपनेकों जैसी प्यारी है वैसी दूसरोंकि जान समझो. या
तुम्हारी मूर्खाई के अपने बेटे बेटीकी खेरके लिये मनत लेना और विचारे ग-
रीब जानवरोंको मारना. नहीं चाहीये इससें तुम्हारी हानी है. देखो जाहिर
प्लेग दुःकाल वगेरा खराबियें यह सब पाप जीवहिंसासें होतेहै. धन्यहै तुम्हारी
मुर्खाईकोंकि मुझे जगदम्बा कहते हो. अगर जगदम्बा समझो तो क्या जानवर
जगतसें बहार है. बस मेरे यहां आजसें कोई एसा करेगा उसके हकमे नुकसान
होगा. मेरे यहां खीर पुडी चुर्मा चढाना. और ज्यो लोग मनतवाले जानवर
लाएहै उनके कानोंमें कडि डालकर मेरे नाम छोडदो. " उस वक्त करीब ७००
६०० स्त्री पुरुषथे. इस सुकार्यका धन्यवाद उक्तमहाशय तथा श्री देवीजीको
हार्दीक धन्यवाद देताहुं. और आगे [illegible] महाराजाओंकि सेवामें सविनय निवे
दन करताहुं की उक्त देवीके सत्य उपदेशपे लक्ष देकर निर्दोष आवाजक ( मुं
गा ) बेजुबानकि नेक दुवा प्राप्त करेगें. इति.

काकावारा चंपालालजी चोखचंद देवलिया (मालवा).

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નામદાર શેહેનશાહ પંચમ જ્યોર્જ તથા શેહેનશાહ બાનુ મેરીને જૈન કોમ્યુનીટી તરફથી આપવામાં આવેલું માનપત્ર.

# THEIR IMPERIAL MAJESTIES

# THE KING EMPEROR AND QUEEN EMPRESS.

MAY IT PLEASE YOUR IMPERIAL MAJESTIES,

IN the name and on behalf of the **Jain Community of** the Bombay Presidency we, the undersigned, representing the below-mentioned **three Jain Institutions**, most respectfully crave leave to approach your **Imperial Majesties** with feelings of profound reverence and loyalty to offer our heart-elt greetings on this auspicious occasion of your visit to India.

DEEPLY attached to your **THRONE** and **PERSONS** and grateful for the many benefits which the benign sway of the **British** have, during a century and a half, conferred on the people, Jains of the Bombay Presidency along with all the great communities, are rejoiced at this historical event of your Imperial Majesties' advent, as the reigning *King and Queen of ENGLAND* in this country of ancient and glorious civilzation and of still more ancient traditions. It will strengthen even more than before the bonds which bind so excellently forged first by our late **QUEEN MOTHER, VICTORIA THE GOOD,** and afterwards so well moulded into greater harmony by her illustrious son, the late **KING EDWARD** of happy memory

KINGS AND EMPERORS, some of great fame and hallowed memory in times past have reigned over this or that part of our great **BHARATVARSH**, but it has been

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



reserved for your **IMPERIAL MAJESTIES**, like Bharat the first supreme Lord of our land, to receive the loving and genuine homage not of the people alone but of the PRINCESS AND CHIEFS some of whom claim their proud descent from the historic solar and lunar dynasties of 2000 years and more.

THE **JAINS** have been well known for many a century for their genuine devotion and loyalty to the *Rulers* of land. they have been the recipients of many a royal favour. To the *Jain Community* it is a source of satisfaction to state that they yield to none in their loyalty and devotion to *British Rule*. Their fidelity is well-tested and so is their piety. Many a Jain holds responsible positions in the country with credit to himself and to the state he serves. But the majority are occupied in the peaceful pursuit of trade and commerce which every-where contribute to the prosperity of the people. *Your Imperial Majesties* will find dotted all over your vast Indian dominion magnificent memorials which testify to Jain piety and Jain spirituality which guide and rule their conduct and action in public and private life. To the Jains it is a source of the highest satisfaction that in recent times those sacred memorials have been carefully attended to and preserved from the devouring tooth of time: thus giving proof of that policy of religious tolerance which so conspicuously characterize *British* sway in *India*.

WE now conclude this address with a prayer that your *Imperial Majesties* may long live and rule over us for our lasting good.

I. E. Rai Seth Chandmal
General Secretary,
Jain Swetamber Conference

Kalyanchand Sobhagchand.
General Secretary,
Jain Sthanakavasi Conference

I. E. Maneckchand Hirachand.
Justice of peace.
President,
Bharatvarshiya Digamber Jain Mahasabha

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નામદાર સાર્વભૌમ

## મહારાજા અને મહારાણી સાહેબ,

આપ નામદારો આનંદિત રહો.

મુંબઇ ઇલાકાની જૈન કોમના નામથી અને તેના તરફથી અમો નીચે સહી કરનારા નીચે જણાવેલ ત્રણે જૈન કોમ્યુનીટીના પ્રતીનિધિઓ હિંદુસ્તાનની તમારી મુલાકાતના આ મહાન પ્રસંગે અતિશય માન અને વફાદારીની લાગણીથી અમારા તરફનો અંતઃકરણ પૂર્વક આવકાર આપવા માટે આપ નામદારોની બહુ માનપૂર્વક રજા માગીએ છીએ.

આપ નામદારના તખ્તને અને આપ નામદારોને ઉંડી અંગીત લાગણીથી જોડાયેલા, અને છેલી દોઢ સદીમાં બ્રીટીશની ભલી સત્તાએ જે ફાયદા અમને કર્યા છે તેનાથી આભારી થયેલા, બીજી મોટી કોમ્યુનીટી સાથે મુંબઇ ઇલાકાના અમો જૈનો પણ, જુના અને ઝળકતા સુધારાવાળા અને તેથી પણ વધારે પ્રાચીન કહેણીઓવાળા આ દેશમાં ઈંગ્લાંડના રાજ્યકર્ત્તા રાજા અને રાણી તરીકે આપ નામદારોના આવાગમનના અતિહાસિક પ્રસંગથી બહુ આનંદીત થયા છીએ. આપણા રાણી માતા, ભલી વિકટોરીઆએ જે બહુ ઉત્તમ રીતે બંધનો બાંધ્યા છે, અને જે પછીથી તેમના વિખ્યાત પુત્ર ભલી યાદવાળા રાજા એડવર્ડે બહુ સારી રીતે વધારીને પોષ્યા છે તે બંધનો જે બળીષ્ટ અને દુનીયામાં સર્વત્ર મખ્યાત ઈંગ્લાંડના મહાન રાજ્ય સાથે લોકોને જોડે છે. તે બંધનો તમારા આગમનથી પ્રથમ કરતાં પણ વધારે દૃઢ થશે

આ મહાન ભારત વર્ષના આ અથવા બીજા ભાગ ઉપર પ્રાચીન કાળમાં રાજા અને મહા રાજાઓ, જેમના કેટલાએક તો મોટી ખ્યાતિ અને યાદગીરી રહી જાય તેવા હતા તેમણે રાજય કર્યું છે, પણ અમારી ભૂમિના પહેલા સાર્વભૌમ, રાજા ભરતની જેમ, લોકોનાંજ નહિ પણ રાજા, મહારાજાઓ જેમાંથી કેટલાએક તો ૨૦૦૦ અને તેથી પણ વધારે વર્ષ પૂર્વના અતિહાસિક સૂર્ય અને ચંદ્રવંશના કુલમાં પોતાની મગરૂબ ઉત્પત્તિનો દાવો કરે છે તેઓના અંતકરણના પ્રેમમય નમન સ્વીકારવાનું તો તમો નામદારો માટેજ સાચવી ( રીઝર્વ ) રાખવામાં આવ્યું છે.

ઘણા વર્ષોથી જૈનનો આ ભૂમિના રાજયકર્તાઓ તરફ તેઓના અંતઃકરણના પુજય ભાવ અને રાજય ભકિત માટે મશહુરછે. રાજય તરફની ઘણી મહેરબાનીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવનારા તેઓ થયા છે. જૈન કોમને અંગે જણાવવાનો સંતોષ ઉપજે છે કે બ્રીટીશ રાજ્ય તરફની તેમની ભક્તિ અને પૂજ્યભાવ માટે તેઓ કોઈનો આધાર રાખતા નથી. તેમની રાજ્યભક્તિ તથા પવિત્રતા સારીરીતે જાણીતી થયેલી છે. ઘણા જૈનો પોતાને અને જે સ્ટેટમાં તે નોકરી કરતા હોય તેમને માન અપાવે તેવી જાતના જવાબદાર હોદ્દાઓ ઉપર આ દેશમાં ગોઠવાયલા છે; પણ મોટો ભાગ વેપાર ધંધાના શાંતિદાયી કાર્યમાં રોકાયેલ છે, જે વેપારને અંગે દરેક સ્થળે લોકોની આબાદીમાં વૃદ્ધિ થાય છે. આપના મહાન હિંદુસ્તાનના વિશાળ પ્રદેશો ઉપર જે જાહેર અને ખાનગી જીંદગીમાં તેમની (જૈનોની) વર્તણુક ઉપર રાજ્ય ચલાવે છે અને તેને દોરે છે તેવી જૈનોની ભક્તિ અને ધાર્મિકપણું દર્શાવનારા ઘણા વિશાળ યાદગીરીના સ્થળો આપ જોશો. જૈનોને તે બહુજ સંતોષનું કારણ છે કે આ સમયમાં તેમના પવિત્ર સ્થળો ઉપર સંપૂર્ણ લક્ષ અપાય છે અને નાશકારક કાળના દાંતમાંથી તેમના સ્થળો બચાવવામાં આવે છે; આ પ્રમાણે ધાર્મીક કાર્યોમાં સમદૃષ્ટિપણું જે બ્રીટીશ સત્તાને હિંદુસ્તાનમાં ખાસ કરીને શોભાવે છે તેથી તેવી પોલીસીની સાબીતી મળે છે.

અમે હવે આપનામહારો દીર્ઘાયુષી થાઓ અને અમારા ચાલુ ભલા માટે અમારી ઉપર સદા રાજ્ય કરો એવી પ્રાર્થના સાથે આ માનપત્ર સંપૂર્ણ કરીએ છીએ. તા, ૧૨-૧૨-૧૧ મુંબઈ.

| | | |
|---|---|---|
| માણેકચંદ હીરાચંદ | ચાંદમલ | કલ્યાણચંદ સોભાગચંદ |
| જે. પી. | જનરલ સેક્રેટરી. | જનરલ સેક્રેટરી. |
| પ્રમુખ. | જૈનસ્થાનક વાસી | જૈનશ્વેતાંબર કોન્ફરન્સ |
| ભારતવર્ષીય દીગંબર જૈનસભા. | કોન્ફરન્સ. | |

---

# मुनि समूह प्रत्ये विज्ञप्ति.

અમારી સભા તરફથી કોઇપણ મુનિમાર્ગમાં વર્તતા મુનિરાજને જે જે છાપેલી બુકો કે પ્રતો મંગાવે તે બનતાં સુધી ભેટ તરીકે મોકલવાની તજવીજ કરવામાં આવેછે. પરંતુ હાલ સ્વતંત્રતાનું કામ એટલું બધું વધી ગયું છે કે પોતાના ગુરૂ કે દાદાગુરૂ હયાત હોય છતાં તેમના નામથી-તેમના હુકમથી ન મંગાવતાં સ્વેચ્છાએ પત્રો લખીને પુસ્તકો મંગાવે છે. કંઠે કરવાની કે અભ્યાસ કરવાની બુક તો તેના અભ્યાસી દરેકની પાસે હોય તો તેમાં બહુ વાંધા જેવું નથી પરંતુ વાંચવાના ગ્રંથો કે ચરિત્રો પણ દરેકને જુદા જુદા જોઇએ તેથી એવા પત્રો પુષ્કળ આવવા લાગેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેને પરિણામે અમે ખરા અભ્યાસી કે વિદ્વાન મુનિને તેમજ પ્રસિદ્ધ પુસ્તક-ભંડારને જરૂરના પુસ્તકો પહોંચાડી કે પૂરા પાડી શકતા નથી. આટલા ઉપરથી બહુ વિચાર કરીને જે નિર્ણયપર આવ્યા છીએ તે આ નીચે અતિ નમ્રતા સાથે પ્રગટ કરીએ છીએ.

૧ કોઇ પણ મુનિરાજને અથવા સાધ્વીજીને છાપેલી કોઈ પણ બુક કે ગ્રંથ યા ચરિત્રનો ખપ હોય તો તેમણે પોતાના ગુરૂ અથવા દાદાગુરૂ જે પ્રસિદ્ધ હોય તેમની દ્વારા પત્ર લખાવીને મંગાવવાની કૃપા કરવી.

૨ અમે જેમના પરિચયમાં આવેલા છીએ તેવા પ્રસિદ્ધ અને મુખ્ય મુનિરાજે પોતાના નામથી પત્ર લખીને યા લખાવીને મંગાવવાની કૃપા કરવી.

૩ જે સાધ્વીજી અમારા વિશેષ પરિચયમાં આવેલ હોય તેમણે પણ પોતાના નામથી પત્ર લખીને મંગાવવાની કૃપા કરવી પણ તેમના પરિવારના કોઇ પણ સાધ્વીએ પોતાના નામથી મંગાવવાનો પ્રચાર ન કરવો.

૪ સાથે પોતાના ગુરૂ મહારાજ હોય છતાં પોતાના નામથી પત્ર લખીને મંગાવવાથી ગુરૂનું અબહુમાન થાય છે માટે તેમ ન કરવું.

૫ એક પરિવારના સાથે વિહાર કરનારા ગુરૂભાઇઓ દરેકે જુદા જુદા પત્ર લખીને મંગાવવાનું ન કરવું.

૬ કદાપિ કોઇ મુનિરાજને પોતાના નામથી પત્ર લખીને મંગાવવાની જરૂર પડે તો તે પત્રમાંજ પોતાના ગુરૂ કે દાદાગુરૂ જે પ્રસિદ્ધ હોય તેની ઓળખાણ આપવી. આમ ન કરવાથી અજાણ્યા નામવાળા મુનિરાજને તે સંબંધી પૂછવામાં આવે છે ત્યારે તેમને ખોટું લાગી જાય છે ને અમારા પર અભાવ આવે છે, તેમ થવું ન જોઇએ.

આશા છે કે આ વિનંતિ ઉપર દરેક મુનિમહારાજ અને સાધ્વીજી ધ્યાન આપશે.

અમે ત્યાગી સાધુ સાધ્વીના ભક્ત છીએ અને અમારાથી બને તેટલું જ્ઞાનદાન આપવા ઉત્સુક છીએ. સભાનો એ ઉદ્દેશજ છે પરંતુ પાંચસેં પાચસેં નકલો છપાવ્યા છતાં પુસ્તક ભંડારોમાં મોકલવાનો અમારો વિચાર કેટલાક ગ્રંથોની નકલો થઇ રહેવાથી તરતમાં મુલતવી રાખવો પડયો છે. તેમ ન થવા માટે આ વિનંતિ કરવાની જરૂર પડી છે. તેમાં કાંઈપણ અવિનય થયો હોય તો તેને માટે ક્ષમા માગીએ છીએ.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रावकना धार्मीक उपकरणो

શ્રાવકને કરવાના ધર્મકૃત્યો પૈકી દેવપૂજામાં અને સામાયિક પોસહ પ્રતિક્રમણાદિકમાં વાપરવાના ઉપકરણો જુદા જુદા પ્રકારના રાખવામાં આવે છે. જિનપૂજાના ઉપકરણોમાં પહેરવાનું વસ્ત્ર (ધોતીયું) ને ઓઢવાનું વસ્ત્ર (ઉત્તરાસન) આ બે મુખ્ય શરીરપર ધારણ કરવાના ઉપકરણો કહેવાય છે. હાલ કાંઈક સગવડને અંગે રૂમાલ અષ્ટપુટ મુખકોશ બાંધવા માટે જુદો રાખવામાં આવે છે. આ ત્રણે ઉપકરણો પોતાની શક્તિના પ્રમાણમાં જેમ બને તેમ વધારે મુલ્ય વાળા, વધારે સુંદર, તોલમાં હલકા અને કિંમતમાં મોંઘા તેમજ બનતા સુધી દરરોજ ધોઇ શકાય તેવા વાપરવા જોઇએ. એકવાર કટીથી ઉતરેલું વસ્ત્ર ધોયા શિવાય ફરીને બીજીવાર જિનપૂજામાં વાપરવું ન જોઈએ. આ બાબતમાં સાધારણ શક્તિવાળા બંધુઓ પૂરતી સગવડ કરી ન શકે એ જુદી વાત છે પરંતુ સારા શક્તિવાળા પણ એ સંબંધમાં બેદરકાર રહે છે. તેઓ પણ જેવા તેવા–મેલાં ઘેલાં–પંચાઉ વસ્ત્રો પહેરે છે. લગ્નાદિ પ્રસંગમાં અથવા કોઇ સભામાં કે મીટીંગમાં જવું હોય છે તો પોતાની સ્થિતિ અનુસાર વસ્ત્રાદિ ધારણ કરે છે અને જિનપૂજા જેવા અત્યુત્તમ પ્રસંગમાં તે વાત ભૂલી જાય છે. આનું કારણ માત્ર કૃપણતા દોષજ નથી પરંતુ પરમાત્માની ભક્તિ પ્રત્યે અલ્પાદર અથવાં અનાદરનું ચિન્હ છે. તેથીજ તેવા બંધુઓને જિનપૂજાદિ કરણી પૂર્ણ ફળદાયક થતી નથી.

આ તો માત્ર શરીરપર ધારણ કરવાના વસ્ત્ર સંબંધી કહ્યું, પરંતુ તદુપરાંત જિનપૂજામાં તો શક્તિવાન શ્રાવકે કળશ, રકેબી, વાટકી, ધુપધાણું, આરતી, મંગળદીવો, ખુમચો અને છત્ર ચામરાદિ અનેક ઉપકરણો પોતાના ખર્ચથી વસાવવા જોઇએ અને તેજ વાપરવા જોઇએ. તેમાં પણ પર્વાદિકને માટે તેમજ તીર્થયાત્રાદિ પ્રસંગ માટે વધારે કિંમતી ઉપગરણો રાખવા જોઇએ. આ સંબંધમાં જેટલી ખામી તેટલી ભાવની નિષ્પત્તિમાં ખામી, અને જેટલી ભાવની નિષ્પત્તિમાં ખામી તેટલી ફળની પ્રાપ્તિમાં ખામી સમજવી. આ શિવાય નિર્મળ જળ, ઉત્તમ ચંદન, સુગંધી પુષ્પ, મઘમઘાયમાન ધૂપ, સુશોભત દીપક, અખંડ અક્ષત, ઉત્તમ ફળ અને સ્વાદીષ્ટ નૈવેદ્યાદિ પણ પૂજાના ઉપકરણો ( દ્રવ્યો ) કહેવાય છે. તે પણ પોતાની આર્થિક સ્થિતિ અનુસાર ઉત્તમ વાપરવાં જોઇએ. કાર્યને ઉપકાર કરે અર્થાત્ તેની પુષ્ટિ કરે–સફળતા કરી આપે તે ઉપકરણો કહેવાય છે. જેમ જેમ ઉપકરણો શ્રેષ્ટ તેમ તેમ ભાવની વૃદ્ધિ સમજવી; કારણ કે ગૃહસ્થને દ્રવ્ય તે ભાવના નિમિત્તભૂત હોવાથી ઉત્તમ ઉત્તમ દ્રવ્યો મેળવવાની આવશ્યકતા છે. આ સંબંધમાં વધારે લખવા કરતાં આટલી ટુંકી હકીકત પણ જો ધ્યાનમાં લેવાશે તો અવશ્ય હિતકારક થવા સંભવ છે.

હવે સામાયકાદિ પ્રસંગે રાખવાના કટાસન, મુહપત્તિ અને ચરવળો આ ત્રણ ઉપકરણો કેવાં જોઇએ તે વિચારીએ. તદ્દન હલકી કિંમતનું અથવા ફાટેલું ત્રુટેલું કટાસણું, મેલી ને ગંધાતી મુહપત્તિ અને મેલો ઘેલો તેમજ ઘસાઈને ઠુંઠા જેવો દેખાતો ચરવળો શું જણાવે છે? તેના રાખનારની દરિદ્ર સ્થિતિ સૂચવે છે. સારી સ્થિતિવાળાએ પોતાની શક્તિના પ્રમાણમાં એ ઉપકરણો [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવાં જોઇએ કે જે જોતાં ને વાપરતાં આલ્હાદ ઉપજે.ઉંચી કિંમતની બનાતનું પૂરી લંબાઇ પહોળાઈવાળું કટાસણું, ઉંચી જાતના વસ્ત્રની ઉજ્વળ મુહપત્તિ અને ઉંચી જાતની ઝીણી ઉનની સુંવાળી અને પુષ્કળ દશીઓનો બનાવેલો સુંદર ચરવળો આવાં ઉપકરણો તે રાખનારની સ્થિતિનેજ સૂચવે છે એમ નહીં પણ તેનો એ ક્રિયા પ્રત્યે કેવો આદર છે તે સૂચવે છે. આ ઉપકરણોમાં કાંઇ પાંચ પચીશ રૂપીઆનો ખર્ચ નથી—એ ત્રણ રૂપીઆ બસ થઇ જાય તેમ છે. છતાં તે તરફ એવી ઉપેક્ષા જોવામાં આવે છે કે તેમાં તો જેવું હોય તેવું ચાલ્યું જાય એમજ માનવામાં આવે છે. કેટલીક વખત તો વર્ષો થયાં નહીં ધોયેલી મેલી મુહપત્તિ અને બાપદાદાના વખતથી વપરાતો ચરવળો તેમજ બીજાના વાપરવાથી વધેલું કટાસણું સારા સારા માણસોની પાસે દૃષ્ટિએ પડે છે. કેટલાક તો પ્રાયે ચરવળો રાખતાજ નથી. ચરવળો રાખવો તે તો જેને ઉભા થઇને ક્રિયા કરવી હોય, તેવી શક્તિ હોય, તેવા ભાવ હોય તેને માટેજ છે એમ માની લઇ તેવી શક્તિ કે ભાવ વિનાના શ્રાવકભાઇઓ ચરવળો રાખવાની જરૂરજ જોતા નથી.

આ ત્રણ ઉપકરણો ઉપરાંત પહેરવાનું વસ્ત્ર અને પોસહાદિમાં ઉત્તરાસન વિગેરે અન્ય ઉપકરણો પણ સુંદર, વગર ફાટેલાં, વગર સાંધેલાં, નિર્મળ તેમજ કિંમતી હોવાં જોઇએ. એમાં બીલકુલ સંકોચ રાખવો ન જોઇએ. જો કે એ સ્થિતિ વૈરાગ્યવાસિત છે પરંતુ તેની અંદર ઉજ્વળ ને સુંદર વસ્ત્રો કાંઇ બાધકર્ત્તા નથી. તે તો ઉલટા પુષ્ટિ આપે છે. માટે અન્ય કાર્યમાં ઉદાર વૃત્તિ વાપરવી અને અહીં કૃપણતાનો ઉપયોગ કરવો તે ઘટિત નથી.

પૂર્વે રાજપુત્રોએ અને શ્રેષ્ટિપુત્રોએ ચારિત્ર ગ્રહણ કરતી વખત મોટા મૂલ્યવાળા રત્નકંબળ અને રજોહરણ લીધાની હકીકત સૂત્રોમાં પણ દૃષ્ટિગત થાય છે; માટે આ વિષયમાં ખોટો બચાવ કરી પોતાની કૃપણતાને અથવા નિરાદરપણાને છુપાવવાનો પ્રયત્ન કરવો નહીં. કેટલાએક શ્રાવકભાઇઓ આ ઉપકરણોની ખબર વર્ષમાં એક બે વખતજ લેતા હોવાથી તેઓ એ સંબંધમાં આદરવિનાના હોય છે પરંતુ જેઓ વારંવાર અથવા દરરોજ તેનો ઉપયોગ કરનારા છે તેમણે તો તેના પર વિશેષ આદર રાખવાની આવશ્યક્તા છે.

સામાયિકાદિ ધર્મકરણી દ્રવ્યચારિત્રની નિશાની છે. શ્રાવકના દેશવિરતિપણાને ઉજ્વળ કરનાર છે, તેના મુખ્ય ઉપકરણ માત્ર ચરવળો ને મુહપત્તિ એજ છે. કટયાસન તો બેસવું પડે તેટલા વખતને માટે છે. એ ત્રણ ઉપકરણના સંબંધમાં જેમ વિશેષ આદર દેખાય તેમ કરવાની જરૂર છે. ને વધારે અશ્રેષ્ટ ફળની પ્રાપ્તિ માટે એ પણ નિમિત્ત કારણ છે એટલુંજ નહીં પણ કેટલીક વખત એવે અવસરે ધારણ કરેલો મલિન વેષ શાસનની પણ નિંદા કરાવે છે. માટે પોતાની સ્થિતિને યોગ્ય અને શાસ્ત્રની આજ્ઞાને અનુસરતા ઉપકરણો રાખવા જોઇએ. આશા છે કે આ લેખ ઉપર સુજ્ઞ જૈનબંધુઓ અવશ્ય ધ્યાન આપશે.

For Private And Personal Use Only